SINCE - 1968

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-3, Issue No-2 | Ahmedabad, Tuesday 05/09/2017 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

From, The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86


## આ અંકમાં શું વાંચશો?



રાસ અને ગરબા ૨



ધામ ધૂમથી ઉજવવા જેવો ઉત્સવ – શિક્ષક દિન 3




બ્રહ્માંડની સફરે ૪



સપ્ટેમ્બર સ્પેશિયલ ૬-૭



બ્લૂ વ્હેલ ગેમ... ૯

# ‘શિક્ષક એટલે વિશિષ્ઠતા, અધિષ્ઠતા અને શ્રેષ્ઠતા’



સુજ્ઞ શિક્ષક મિત્રો,

***“તું જો પર્વત પરના પાવન વૃક્ષ ન બની શકે,***
***તો ખીણમાનું એક ઝાડવું બની રહેજે,***
***પણ જે કાંઈ બને તે ઉત્કૃષ્ઠ અને ઉત્તમ બનજે.”***
***“તુ જો પ્રકાશમાન સૂર્ય ન બની શકે તો,***
***ચમકતો ચમકતો તારો તો જરૂર બનજે,***
***મહત્વ એનું નથી કે કોઈ નાનો છે કે મોટો છે,***
***નાનો હારે ને મોટો જીતે આવુંયે નથી.***
***બસ જે કંઈ બને, જે કંઈ કરે,***

**“ધી ઓપન પેજ એડ્યુકેટર એવોર્ડ”** માં ઉત્કૃષ્ટ, ઉત્તમ, અવ્વલ રહે તે જો જે.

શિક્ષક વિશે અનેક સંકલ્પનાઓ કરી શકાય છે. આ સંકલ્પનાઓ તેની આસપાસના સમાજની જરૂરિયાતને અનુલક્ષીને પ્રેરક બનતી હોય છે. પરંતુ **‘ધી ઓપન પેજ’**ના મંતવ્યો, વિચાર ધારા અનુરૂપ શિક્ષકની સંકલ્પના માટે ત્રણ ગુણો વડે વિચારી શકાય જે છે વિશિષ્ઠતા, અધિષ્ઠતા અને શ્રેષ્ઠતા.

સામાન્ય રીતે સમાજની માંગ મુજબ વ્યક્તિઓનું વર્તન હોય છે. સમાજને જો સૌથી વધુ અપેક્ષા, આકાંક્ષાઓ હોય તો તે શિક્ષક પાસે છે. શિક્ષક એક વિશિષ્ઠ પાત્ર છે. સમાજ સૌથી વધુ મૂલ્યાંકન કરતો હોય તો તે શિક્ષકનું મૂલ્યાંકન કરશે. માટે શિક્ષક સમાજનું એક વિશિષ્ઠ અને મૂલ્યવાન પાત્ર છે.

અધિષ્ઠતા એટલે મૂલ્યોનું સ્થાપન કરવું, સમગ્ર જીવનના મૂલ્યો શિક્ષણના માધ્યમ દ્વારા બાળકને સાચો માનવ બનાવવો ને જે શિક્ષકમાં વ્યવહાર કુશળતાના વિન્યપૂણે રચનાત્મક કાર્યશૈલી, સમયવાદી, સમાજો વધારે સિદ્ધાંતપ્રિય, અતઃસ્કૂરણ, પ્રેરણાદાયી, બાલ ચિકિત્સક, ધૈર્યશીલ, કાર્યશીલ, ખંતીલાપણું, રાષ્ટ્રભાવના જેવા ગુણો હશે તે શિક્ષક બાળકોની શક્તિને સર્જનાત્મક માર્ગે વાળી કાર્ય દ્વારા સારું પરિણામ મેળવી શકશે. જેથી બાળકો તેના સમાજમાં લાગણી, માગણી અને શિક્ષકનું સ્થાન બને.

**શ્રેષ્ઠતાઃ** જે સમાજનાં બાળકોમાં વિદ્યાર્થીઓમાં અને જન સમુદાયમાં વિશિષ્ઠતા અને અધિષ્ઠતાના મુલ્યોનું મુલ્યાંકન જોવા મળે તો તે સમાજ શિક્ષકની શ્રેષ્ઠતા દર્શાવે છે. જે સામાજિક મુલ્યાંકન દ્વારા જાણી શકાય છે.




**“ધી ઓપન પેજ એડ્યુકેટર એવોર્ડ”** છેલ્લા બે વર્ષથી ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષકો અને વાલીને ગર્વનરશ્રીના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કર્યા છે. ગત વર્ષે તૃત્તિય એજ્યુકેટર એવોર્ડ સમારંભ સુરત ખાતે પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના વરદ્ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકોને વિવિધ કેટેગરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.

**આ ચતુર્થ વર્ષે પણ પુનઃ** પ્રશંસનીય એવોર્ડથી પ્રોત્સાહિત કરવા ઉત્કૃષ્ઠ, ઉત્તમ શિક્ષક અને વાલીને બિરદાવવાનું આયોજન એલેમ્બિક ગ્રુપ ઓફ સ્કૂલ, બરોડા સાથે જોડાઈને એવોર્ડનું આયોજન કરવામાં આવેલ છે.

સતત ચોથા વર્ષે **“ધી ઓપન પેજ એડ્યુકેટર એવોર્ડ”** સમગ્ર ગુજરાત માંથી વિશિષ્ઠતા, અધિષ્ઠતા અને શ્રેષ્ઠતા ધરાવતા શિક્ષકોને સમાજમાં અર્પણ કરે છે, અને પ્રોત્સાહિત કરે છે.

તો ચાલો આપણે સૌ તે માટે પ્રયત્નશીલ બનીએ બાળકને ભવિષ્યના ચંદ્રગુપ્ત બનાવવા ચાણક્યની ભૂમિકા સ્વીકારીએ.



**હંસા ઉપાધ્યાય**
**પ્રોજેક્ટ લિડર,**
**એડ્યુકેટર એવોર્ડ**

**વધુ માહિતી અને નોમિનેશન ફોર્મસ અમારી વેબસાઇટ પરથી મેળવી શકો છો**

**www.educatorsaward.com**
**www.theopenpage.co.in**
**www.facebook.com/theopenpage**

**કોઈપણ પ્રકારની જાણકારી માટે સંપર્ક કરો.**

**98255 09516 / 99250 32168 / 95860 22210**

## નોંધણી રજીસ્ટ્રેશન મોકલવાની છેલ્લી તારીખ ૩૦ ઓક્ટોબર, ૨૦૧૭

જૂના જમાનામાં જયારે ખેતરો મબલક પાકથી લહેરાતા તે જોઇને લોકો ખૂબ આનંદ અનુભિવતા. આ આનંદ તેઓ એક જગ્યાએ ભેગા થઇ નાચગાન કરીને દર્શાવતા, અને દેવી દેવતાઓનો આભાર વ્યકત કરી સ્તુતિ કરતા. આ રીતે લોક સંગીતનો એક પ્રકાર ઊભો થયો જે આજે આપણે ગરબા તરીકે ઓળખીએ છીએ.

રાસ અને ગરબાનો શોખ ધરાવતી અત્યારની નવી પેઢી નવા નવા સ્ટેપ્સથી ગરબા રમવામાં ખૂબ મશગૂલ બની જાય છે. પરંતુ તેમને મૂળ નવરાત્રીનો ઇતિહાસ પણ ખબર નહીં હોય. વર્ષમાં ચાર વાર નવરાત્રી આવે છે. પરંતુ તેમને આસો મહિનામાં આવતી નવરાત્રીની ખબર હશે, ખરેખર ગરબા અને રાસના પ્રકારની પણ તેમને ખબર નથી, તો આજે પૌરાણિક નવરાત્રી અને તેના પ્રકાર વિશે થોડી વધુ માહિતી મેળવીએ.

પ્રાચીન ગરબા અને અર્વાચીન ગરબા એમ ગરબાનાં મુખ્ય બે પ્રકાર છે. અને રાસના કુલ છત્રીસ પ્રકાર છે. તેમાંથી અમુક પ્રકારો વિશે થોડી માહિતી મેળવીએ.

**હીંચ:-** હાથમાં મટકી કે ગાગર લઇને રમવામાં આવે છે. સ્ત્રીઓ મટકી કે ગાગરને હાથમાં લઇ હવામાં ઉછાડે છે અને પોતાના હાથમાં પહેરેલી વીંટીં, કરડા કે વેઢ થી ગાગર પર ઢોલના તાલ પ્રમાણે તાલ આપતી જાય છે અને ઘુમાવતી જાય છે. કાઠિયાવાડમાં આ હીંચ પ્રખ્યાત છે.

**મંજીરાવનૃત્ય:-** મંજીરાનો ખૂબ જ સુંદર રીતે ગરબામાં ઉપયોગ કરવામાં આવે છે. ભાલ નળકાંઠામાં નિવાસ કરતા પઢારોનું આ લોકનૃત્ય છે.

**હુડારાસ:-** કાના અને ગોપીના ગીતો ભરવાડોના રાસમાં મુખ્ય માનવામાં આવે છે. પરંતુ હુડા રાસમાં કયાંય ગીતનું એટલુ સ્થાન હોતુ નથી. ઢોલના તાલથી તાલ તેઓ દાંડિયા લે છે. અને ઘણી વખત હાથથી પણ રમે છે.

**રાસ:-** હાથમાં દાંડિયા લઇને રમવામાં આાવે છે. જેમાં દોઢિયા,પંચિકા, અઠિયા, બારિયા, ભેટિયા, નમન, મંડલ જેવા જુદા જુદા પ્રકારે રાસ રમે છે.




# રાસ અને ગરબા

**ઢોલો રાણો:-** અનાજ સાફ કરવાના સાધનો જેવા કે સૂપડાં, સાવરણી, સૂડલાં, ડાલાં, સાંબેલાં લઇ ગોળ ફરીને નૃત્ય કરવામાં આવે છે. ગોહિલવાડ તરીકે જાણીતા ભાવનગરમાં વસતા કોળી જાતિના લોકો આ નૃત્ય કરે છે.

**તલવાર રાસ:-** હાથમાં તલવાર લઇ રાસ રમવામાં આવે છે. સોઢા, રાજપૂત ક્ષત્રિય સમાજના લોકોનો તલવાર રાસ વીરતા અને શૂરતા ભરેલો હોય છે. તલવાર રાસ રમવી એ એક કળા છે.

**રાસડા:-** રાસ અને રાસડા વચ્ચેનો તફાવત સમજવો ખૂબ જ જરૂરી છે. રાસડા તાલરાસકનો પ્રકાર છે. સંગીત તત્ત્વ રાસડામાં પ્રથમ રહેલું છે. અને રાસડા સ્ત્રીઓ દ્વારા રમવામાં આવે છે. જયારે રાસ પુરૂષો દ્વારા રમવામાં આવે છે. રાસમાં નૃત્યનું તત્વ આગળ પડતું હોય છે.

**ગોફ ગૂંથન:-** ગરબાથી શરૂઆત કરી પછી દાંડિયારાસ રમવામાં આવે છે. બેઠક ફૂદડીને ટપ્પા લઇને રાસ રમવામાં આવે છે. એક અંદરને એક બહાર ફરતાં ફરતાં રાસ રમવામાં વેલ આકારે રંગીન દોરીની ગૂંથણી ગૂંથાતી જાય છે. પૂરેપૂરી ગૂંથણી થયા બાદ ઊંધુ રમીને આ ગૂંથણી ઉકેલવામાં આવે છે. આ નૃત્ય એક મનોહર પ્રકારનો રાસ છે. સૌરાષ્ટ્માં વસતા કોળી,સથવારા,ભરવાડ અને કણબીઓનું આ પ્રખ્યાત નૃત્ય છે.

આમ, પ્રાચીનકાળથી જ રાસ ગરબાના જુદા જુદા પ્રકાર રહયા છે. આજે બધા જ પ્રકારના રાસ ગરબાને મિકસ કરીને નવી સ્ટાઇલ બનાવીને એટલા જ આનંદ અને ઉત્સાહથી ગરબા રમવામાં આવે છે.



**જ્યોતિ પરમાર**
**'ધી ઓપન પેજ'**

# ક્ષમા વીરસ્ય ભૂષણમ્

'જેવા સાથે તેવા' એ પ્રાણી માત્રનું સહજ લક્ષણ છે. પરંતુ વીર પુરુષો ક્ષમાને પોતાનું આભૂષણ ગણે છે. ક્ષમા અને કાયરતા બંને બાહ્ય દૃષ્ટિએ સરખા જેવા જણાય છે, પરંતુ બંને બિલકુલ ભિન્ન છે. નિર્બળ, ડરપોક કે કાયર વ્યકિત ડરીને, ગભરાઇને સામેની શકિતશાળી વ્યકિતનો પ્રતિકાર ન કરે તે કાયરતા છે. પરંતુ શકિતશાળી, સમર્થ વ્યકિત જયારે પોતાનાથી ઓછી શકિતવાળા વ્યકિતની ભૂલને માફ કરી, તેને સજા કર્યા વિના જવા દે તે ક્ષમા છે.

ભારતીય ગ્રંથોમાં ક્ષમાનું ખૂબ મહત્વ સમજાવ્યું છે. શ્રીરામ સર્વશકિતમાન હતા. રાવણે સીતાનું અપહરણ કરીને સીતા-રામનો ભયંકર દ્રોહ કર્યો હતો. આમ છતાં, જો રાવણ સીતાજીને પાછા સોંપી દે તો શ્રી રામ રાવણને ક્ષમા આપવા તૈયાર હતા. અંહકારમાં ચકચુર રાવણ કશું સમજયો નહીં અને સમગ્ર કુળ સાથે નાશ પામ્યો. મહાભારતમાં પણ ક્ષમાનું મહત્વ બતાવવામાં આવ્યું છે. પાંડવોને બાળપણથી હેરાન પરેશાન કરનાર દુર્યોધનને ક્ષમા આપવા માટે પાંડવો તૈયાર થાય છે. પોતાનું ઈન્દ્રપ્રસ્થ રાજય ન મળે તો માત્ર પાંચ ગામ લેવા પણ તૈયાર થાય છે. પરંતુ ઘમંડી અને અધર્મી માનવતાની તમામ મર્યાદાઓ વટાવીને એક સોય જેટલી જમીન પણ આપવાનો ઈન્કાર કરી મહાવિનાશને નોતરે છે. અને કુળસહિત નાશ પામે છે. જયારે જયારે ક્ષમાને કાયરતા ગણવામાં આવી છે, ત્યારે ભયંકર વિનાશ થયો છે.

ક્ષમા સમાન કોઇ ગુણ નથી. મનુષ્યએ પોતે સુખી થવા માટે અને અન્યને પણ સુખી કરવા માટે સર્વોત્તમ ગુણ હોય તો તે છે-ક્ષમા. શ્રી સ્વામિનારયણ ભગવાને ક્ષમા આપવાની સાથે તેનું ભલું ઈચ્છવાની વાત શિક્ષાપત્રીના ૨૦૧ મા શ્લોકમાં કરી છે.

गालीदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।
क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥

(અને તે સાધુ ને બ્રહ્મચારી તેમણે કોઇક કુમતિવાળા દુષ્ટ જન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો.)॥૨૦૧॥

આમ, ક્ષમાનું ખૂબ મહત્વ દર્શાવવામાં આવ્યું છે. ઉપદેશ પ્રેરક વાર્તાઓમાં પણ ક્ષમાનું મહત્વ દર્શાવ્યું છે. એક સાધુ એક દિવસ નદીમાં સ્નાન કરી રહ્યા હતા. આ સમયે તેમણે એક વીંછીને પાણીમાં તણાતો જોયો. સાધુને તે વીંછી પર દયા આવી ગઇ. તેમણે વીંછીને પકડીને કિનારા ઉપર મૂકી દીધો. પરંતુ બદલામાં વીંછીએ સાધુને ડંખ માર્યો.પછી થોડીવાર પછી ફરી તે વીંછી પાણીમાં તણાવા લાગ્યો. આ જોઇ સાધુએ ફરીથી વીંછીને બચાવ્યો. છેવટે વીંછીએ સાધુને પૂછયું: "મેં વારંવાર આપની સાથે ખરાબ વર્તન કર્યું તો પણ તમે મારી સાથે ભલાઇ કેમ કરી ?" સાધુએ કહ્યું: "ક્ષમા આપવાથી જ સામેની વ્યકિતનું હૃદય પરિવર્તન થઇ શકે છે". આથી જ ક્ષમાને મહાન ગુણ ગણવામાં આવે છે.



જૈન ધર્મમાં ક્ષમાને સૌથી વધુ મહત્વ આપવામાં આવ્યું છે. જૈન ધર્મનો સૌથી મહત્વનો તહેવાર અને પવિત્ર દિવસ એટલે 'સંવત્સરી' આ દિવસે ધણાં જૈનો સંપૂર્ણ ઉપવાસ કરે છે. આખો દિવસ પ્રાર્થના અને ક્ષમાયાચના અને પ્રશ્ચાતાપમાં વીતાવે છે. આ દિવસે વાર્ષિક વિસ્તૃત ક્ષમા વિધિ કરવામાં આવે છે. જેને 'સાંવત્સરિક પ્રતિક્રમણ' કહે છે. આ પ્રતિક્રમણ બાદ સર્વ જૈનો એકબીજાને "મિચ્છામિ દુક્કડ્મ્" પાઠવે છે. અર્થાત જાણે-અજાણ્યે પોતાના દ્વારા કોઇ દુઃખ, પીડા પહોંચાડાઇ હોય તો તેની સર્વ જીવો પાસે ક્ષમા માંગે છે. બહારગામ વસતા મિત્રો અને સગા-સંબંધીઓની ફોન દ્વારા માફી માંગે છે. આમ, ક્ષમાનું જૈન ધર્મમાં આગવું મહત્વ છે.

ક્ષમાનું મહત્વ સાર્વત્રિક રીતે સ્વીકારવામાં આવ્યું છે. ઈસુ ખ્રિસ્ત પણ ક્ષમાને ખૂબ મહત્વ આપે છે. ઈસુખ્રિસ્તના જીવનના પ્રંસગ વિશે સહુ કોઇ વાકેફ હોય છે કે જયારે ઈસુ ખ્રિસ્તને વધ સ્તંભ પર જડી દેવામાં આવે છે ત્યારે તેઓ પોતાના પર અત્યંત જુલમ ગુજારનારને ક્ષમા આપે છે. આ ઉપરાંત ઈશ્વરને પણ પ્રાર્થના કરતાં કહે છે." "હે ઈશ્વર ! તું આ લોકોને માફ કરી દેજે. કારણ, તેઓ શું કરી રહ્યા છે તેમનું તેને ભાન નથી. અહીં ઈસુની ઉદાત્ત ક્ષમાભાવનાના દર્શન થાય છે".



ક્ષમાનું આજે પણ ખૂબ મહત્વ છે. સમગ્ર વિશ્વમાં સલામતી, શાંતિ,પ્રેમ અને ભાઇચારો પ્રસ્થાપિત કરવા ક્ષમાભાવના જરૂરી છે. વિશ્વના તમામ લોકો ક્ષમાનું મહત્વ સમજે તે માટે "વિશ્વ ક્ષમા દિવસ ની ઉજવણી કરવામાં આવે છે. દરેક મનુષ્યએ જીવનમાં શાંતિ પ્રાપ્ત કરવા માટે ક્ષમાના ગુણને આત્મસાત કરવો પડશે. ક્ષમા આપવાથી મનને શાંતિનો અનોખો અનુભવ થાય છે. ક્ષમા આપનાર અને જેમને ક્ષમા આપવામાં આવે છે. તે બંને વ્યકિત જીવનમાં સુખનો અહેસાસ કરી શકે છે, આનંદ માણી શકે છે. ક્ષમા નહીં કરીને, બદલો લેવાની ભાવનાથી જીવનાર વ્યકિત કયારેય ચેનથી સૂઇ શકતો નથી. બદલાની ભાવનાની આગ તેના તન-મનને હંમેશા સળગાવે છે. "ન શમે વેર વેરથી" એ ન્યાયે બંને પક્ષે હંમેશા અશાંતિની પ્રાપ્તિ થાય છે.

આજે વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગથી આકાશમાં ઉપગ્રહ છોડી શકાયો છે. પરંતુ પૂર્વગ્રહો છોડવા માટે ક્ષમાવાન બનવું પડશે. જયારે વિશ્વમાં સૌ ક્ષમાને માર્ગે ચાલશે ત્યારે જ અદ્યતન શોધખોળો અને સુવિધાઓનો સાચો લાભ પ્રાપ્ત થશે અને આનંદની પ્રાપ્તી થશે.



**રાજેશ ધામેલિયા**
**શિક્ષક, સુરત**

**વૈધાનિક સુચના: ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# ધામ ધૂમથી ઉજવવા જેવો ઉત્સવ – શિક્ષક દિન







**“કોઈપણ દેશની વાસ્તવિક પરિસ્થિતિને જાણવી હોય તો, તે દેશની શાળાની મુલાકાત લેવી જોઈએ”**
**એ.પી.જે.કલામ....**

હા, કલામ સાહેબ બિલકુલ સત્ય વાત કરે છે. કારણકે, કોઈપણ રાષ્ટ્રની સુખ અને સમદ્ધિ નો આધાર ‘શાળા’ છે. તે નિર્વવાદ હકીકત છે, અને તેથી દરેક રાષ્ટ્ર અને સમાજમાં શિક્ષકનું મહત્વ અનેરૂ છે. તેથીજ, શિક્ષકને યોગ્ય ઉંચાઇ આપવા માટે સૌએ ‘શિક્ષક દિવસ’ દેશનાં સૌથી મોટા ઉત્સવ તરીકે ઉજવવો જ રહ્યો. પરંતુ, શિક્ષક મિત્રોએ એ યાદ રાખવાની અત્યંત જરૂર છે, કે ‘આદર’ એ ‘જવાબદારી’ ના પાયા પર જ અવલંબે છે, અને જવાબદારીને સમજવા માટે એક આદર્શની જરૂર હોય છે, તેથી આવો આજના આ લેખમાં આપણે સૌ શ્રેષ્ઠ શિક્ષક ડો. સર્વપલ્લી રાધાક્રષ્નના જીવનમાં આટો મારી, શિક્ષક દિનને સાર્થક કરીએ. મિત્રો કોઈપણ વ્યક્તિ જ્યારે મહાનતા પ્રાપ્ત કરે છે, ત્યારે માત્ર તેમના ગુણો જ આપણને રાહબર બને છે, નહી કે જન્મ તારીખ કે જન્મ સ્થળ તેથી આજે આપણે આવો, શિક્ષક દિન નિમિત્તે અનુપમ શિક્ષક ડો. સર્વપલ્લી રાધાક્રષ્નના એવા ગુણોને વાગોળીએ જેનાથી આજે પણ તેઓ જીવંત આદર્શ રૂપે આપણી સૌ સમક્ષ છે.

## શિખવવા – શિખવા માટે ઉત્કૃષ્ટ પ્રેમ

ડો. સર્વપલ્લી રાધાક્રષ્નના જીવન પર એક નજર કરીએ તો, સૌથી મોટી અને આંખે ઉડીને વળગે તેવી વાત એટલે – તેમને પ્રસિદ્ધ કરેલા સંખ્યાબંધ આર્ટીકલ અને સંશોધન પત્રો પછી તે શિક્ષણ પર હોય, દર્શનશાસ્ત્ર પર ના હોય કે અન્ય વિષયના હોય, એટલુ જ નહી તે બે યુનિવર્સીટીના વાઈસ ચાન્સલર રહ્યા અને હાવર્ડ જેવી વિશ્વ વિખ્યાત યુનીવર્સીટીએ તેમની પંડિતાઈનું સન્માન કરેલ હતું. આ બધું તેમણે મેળવ્યું તેની પાછળનું એકમેવ કારણ તેમની વાંચનની ભૂખ હતી. નવું શીખીને વિદ્યાર્થી સુધી કેમ કરીને પહોંચાડવું તેવી શીખવાની અને શીખવવાની ઉત્કૃષ્ટ અભિલાષા એજ તેમને આવી અદ્દભૂત જ્ઞાનત્વ પ્રદાન કર્યું હતું. અને આજે ૨૧મી સદીમાં જ્ઞાનનાં યુગમાં આપણે સૌએ આપણી વ્યક્તિગત શિક્ષણ પદ્ધતિને વધુ સમૃદ્ધ બનાવવા માટે આ અચૂક ઉપાયરૂપી આદતને આપવામાં વિકસીત કરવી જ પડશે. મારી એ વાત સાથે આપણે સૌ સંમત થશો જ કે, જ્યારે પણ આપણે આપણા વર્ગખંડમાં વિદ્યાર્થીને ઉંડું તલસ્પર્શી અને વિવિધતા યુક્ત વિષય વસ્તુ પીરસીએ ત્યારે આપણે અને આપણાં વિદ્યાર્થીઓ બન્ને એક અદ્દભૂત સંતોષનો આનંદ માણીએ છીએ. અરે એક શિક્ષક તરીકેનું સંપૂર્ણ સન્માન મેળવવા માટે પણ વિષયનું જ્ઞાન ખૂબજ જરૂરી છે, કેમ બરાબર કે નહીં? તો આવો સંકલ્પ કરીએ આપણે પણ Learning ના Lover બનીએ.

## શિક્ષકના વ્યવસાય પ્રત્યે સન્માન

જો કે સર્વે કરાય કે, કેટલા વર્તમાન શિક્ષકો તેનાં દિકરા-દિકરીને શિક્ષક જ બનાવવા માંગે છે. તો પરિણામ કેટલું સકારાત્મક હશે ?તે આપણે સૌ જાણીએ છીએ. જે શિક્ષકો તકથી શિક્ષકો બન્યા છે, પસંદગીથી નહીં તેઓ બીજા વ્યવસાયને શિક્ષકનાં વ્યવસાય કરતાં વધુ ઉંચો ગણે છે. અને આજ લઘુતાગ્રંથી પ્રતિબદ્ધતાની કમી, નવાચારની ઓછપ અને ધગશની ઉણપ જેવા પ્રશ્નોની જન્મદાતા છે, અને આ દુઃખદ સ્થિતિમાં ડો. રાધાકૃષ્ણ એક આદર્શ તરીકે ઉભરી આવે છે. દેશનાં ઉપરાષ્ટ્રપતિ, બે યુનિવર્સીટીનાં કુલપતિ રહ્યા પછી પણ તેમણે પોતાનો જન્મ દિવસ ‘શિક્ષક દિન’ તરીકે મનાવવાની જાહેર અપીલ કરી હતી. શિક્ષકનાં વ્યવસાય પ્રત્યે આનાથી ઉત્તમ પ્રેમ અને આદર બીજો શું હોઈ શકે? અને આજનાં યુગમાં શિક્ષકને ફરીથી મોભાના સ્થાન પર બિરાજમાન થવું હશે તો પ્રત્યેક શિક્ષકે આ વ્યવસાયિક સ્વાભિમાન પોતાનામાં કેળવવું પડશે.

## સક્ષમ સંદેશક

ભારત આઝાદ થયું ત્યારે રશિયામાં સૌ પ્રથમ એમ્બેસડેર તરીકે ડો. રાધાકૃષ્ણને મોકલવામાં આવ્યાં હતાં. ત્યાં તેઓએ ભારતનાં વૈશ્વીક પ્રયાસોને સક્ષમ સંદેશક તરીકે ફેલાવ્યાં તેનાં પરિણામ રૂપ આજના દિવસે પણ આપણાં અને રશિયાનાં સંબંધોમાં અતૂટ વિશ્વાસ છે. પણ આજે સમગ્ર સમાજમાં કઈપણ અનિચ્છનિય ઘટના બને તો જવાબદારી ‘શિક્ષક’ ની ઠેરવવામાં આવે છે. ત્યારે આપણે આપણાં અથાક પ્રયાસોને સમાજ સુધી પહોંચાડવા માટે આવા સક્ષમ સંદેશક બનવાની જરૂર છે.



આપણે જો ડો. રાધાકૃષ્ણનાં આ ત્રણ ગુણો અપનાવીશુ તો ચોક્કસ તેમને સાચી ભાવાંજલી આપી ગણાશે અને આપણે પણ સાચા શિક્ષકત્વ તરફ આગળ વધીશું.

**કૃતાર્થભાઇ જોષી, પ્રિન્સિપાલ, દાહોદ**

# મૂલ્યવાન દિવસ એટલે ‘શિક્ષક દિન’

આપણાં સૌ માટેનો મૂલ્યવાન દિવસ એટલે ‘શિક્ષક દિન’ શિક્ષકની ગરીમાને વર્ગખંડથી શરૂ કરીને વિશ્વમાં ગૌરવ પ્રસ્થાપિત કરનાર મહામાનવ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને હૃદય પૂર્વક વંદન.

આપણો પ્રત્યેક દિવસ ૫ સપ્ટેમ્બરમય બની રહે તો ભારત ભાગ્ય વિધાતા સોળે કળાએ ખીલી ઉઠે.

શિક્ષક મિત્રોએ કેટલાક પ્રતિબદ્ધતાના ક્ષેત્રો ઓળખીને વર્ગખંડને ઉર્જાખંડ બનાવવો જોઈએ.

Class Room માં ઉર્જા પૂરી પાડનારા ક્ષેત્રો સ્નેહ વર્ધક (Creator of Love)

Class ને પ્રેમ કરવો એટલે વિષયને પ્રેમ કરવો. વિદ્યાર્થીને પ્રેમ કરવો એટલે વિદ્યાર્થીના હૃદય સુધી સ્થાન મેળવવું. દરેક શિક્ષક મિત્રોએ પોતાના વિષયને પ્રેમ કરીને વિદ્યાર્થી મિત્રોનાં હૃદય સુધી સ્થાન પામવું જોઈએ.

**સહાનુભૂતિ નિષ્ણાંત : Sponsor of Feelings**

શિક્ષક એટલે સહાનુભૂતિની વાસ્તવિક અને જીવંત યુનિવર્સીટી છે. વિદ્યાર્થી પ્રત્યેની સહાનુભૂતિ હોવી એટલે સારા વ્યવસાય પ્રત્યેની વફાદારીનું ગૌરવ હોવું. શિક્ષકનો સહાનુભૂતિ ભર્યો હાથ બાળકના ખભા પર રહે તો જરૂર તેની સંવેદનાઓના બીજ પ્રસ્કુરણ પામવાના છે. સહાનુભૂતિમાં એક આંખમાં માતાનો વાત્સલ્ય પ્રેમ અને બીજી આંખમાં મિલેટરીનું શાસન શિક્ષક મિત્રો આપણાં



વર્ગખંડમાં અનેક અરમાનો લઈને દરિયાની સહેલગાહે વિદ્યાર્થીઓ નીકળ્યા છે. ત્યારે શિક્ષક એક સહાનુભૂતિનાં હલેસાની જરૂર છે ને આપણાં થકી આપી શકાય.

**જ્ઞાન નિષ્ણાંત : Knowledge Expert**

વધુ પડતી કામની, નકામી માહિતી Google માંથી મેળવી લે છે. માહિતીને જ્ઞાનવર્ધક કરવી જોઈએ. માહિતી મોટે ભાગે ક્ષણ જીવી હોય છે. જ્યારે જ્ઞાન ચિરંજીવી બની રહે છે. જ્ઞાનમાં મૂલ્યો સમાવિષ્ટ છે. જ્ઞાનમાં સંસ્કૃતિ સમાયેલી છે. જ્ઞાનમાં સંસ્કાર પૂરાયેલા છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ અહિંસાનું શસ્ત્ર અને શાસ્ત્ર જ્ઞાનની સમજથી જ વિકાસ કરીને ભારતનાં વ્યાપક વર્ગખંડને આઝાદી અપાવી હતી.

**પ્રત્યાયનના નિષ્ણાંત : Communication Expert**

વર્તમાન સમયમાં બાળ માનસ ટી.વી. કલ્ચર, ચેનલ, ઈન્ટરનેટ વગેરેથી બધુ પ્રભાવિત બન્યું છે. ટી.વી. અથવા સિનેમાનાં પડદા પર બોલાયેલ ડાયલોગ ફટાફટ બોલે છે પણ કોઈપણ વિષયનાં સંદર્ભમાં કશુંક બોલવું તો તેમાં તણાવરૂપ બની જાય છે.

શિક્ષક મિત્રો, વિદ્યાર્થી મિત્રો પાસે communication skill વધુ ડેવલપમેન્ટ કરાવી પડશે.

**વ્યાવસાયિક સજજતા : Professional Empowerd**

આપણો વ્યવસાયએ વ્યવહારિક અને ધાર્મિક દષ્ટિએ તપ માટેનું ભૂમિસ્થાન છે શિક્ષકના વ્યવસાયમાં સ્વાર્થની સાથે સાથે પરમાર્થ છુપાયલો છે. આપણું એક સારું વર્તન, એક સારી ટેવ, એક સારું વાકય અનુકરણીય બાળકો માટે જીવન પથદર્શક બની રહે છે. શિક્ષકનો દરજજો પ્રાપ્ત થવો તે આપણું અહોભાગ્ય છે. મળેલા ગૌરવનું સન્માન કરવા બરાબર છે.

**વાચન નિષ્ણાંતઃ Expert of Reading Clinic**

આપણે સૌ જ્ઞાન માહિતી વિષય વસ્તુ વગેરેના પાવર સ્ટેશન સમાન છીએ. તે માટેનો ખોરાક આપણને પુસ્તકો, રેફરન્સ બુક દ્વારા પ્રાપ્ત થાય છે. લાઈબ્રેરીના કીડા બનવું જ રહયું. પુસ્તકાલય અને પુસ્તક આપણી રાહ જોઈને ઊભા છે. પુસ્તક પ્રત્યે સ્નેહ જગાવો, વાચનથી જ ઊર્જાનો સંચાર થાય છે.

**ચિંતન વિતરક : Philosopher**

આપણું કામ કાગળના પાને સ્થાપિત કરેલા શબ્દને આકાર આપવાનું છે. વર્ગખંડએ વિષયમાં રહેલ જ્ઞાન ડહ્યાપણ, સમજ,મૂલ્યો વગેરેને આકર આપવા માટેની શાશ્વત પ્રયોગશાળા છે.

**મનન સ્ત્રોતકઃ Thinking Enricher**

મન એ મોટામાં મોટું વિચાર પ્રગટીકરણ માટેનુ સ્ત્રોત છે શ્રી સ્વામીવિવેકાનંદ ભારતના મનન સ્ત્રોતક બનીને વિશ્વગર્જના કરી મુકી “ઊઠો જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડયા રહો” શિક્ષકમિત્રો નવા અભિગમથી આત્મશ્રધ્ધાથી વર્ગને સ્ર્વગ બનાવીએ.

**સ્વપ્નર્દષ્ટા : Great Expectator**

શિક્ષક દીર્ઘર્દષ્ટા છે. તે ટકાવી રાખવા માટે સ્વપ્નર્દષ્ટા બનવું પડે. સ્વપ્ન આપવું એ સુખની નિશાની છે, પણ જાગૃત અવસ્થામાં સ્વપ્ન કરવું, વિચારવંત બનવું. આમ શિક્ષક, દીર્ઘર્દષ્ટા, સ્વપ્નર્દષ્ટા અને વર્ગર્દષ્ટા સુધી પહોંચવું જોઈએ.


અંતમા એ શિક્ષકયુગનો સૂયોદય છે. આપણે સૌ શિક્ષકમિત્રોને કહેયું છે કે તું તારા દિલનો દીવો થારે ઓરે....ઓરે....ભાયા આજે આપણે સૌ વર્ગસ્થ બની ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનને નમસ્કાર કરી ને કહીએ... Happy Birthday To you.



**સથવારા નિમિષા**
**આચાર્ય, અમદાવાદ**


પસ્તાવો હૃદયની વેદના છે અને નવા નિર્મળ જીવનનો ઉદય છે.

# બ્રહ્માંડની સફરે




બુધની સપાટી પર પાણી નથી. કદાચ નીચે હોઇ શકે. તેમજ એની સપાટી ઉપર હવા પણ નથી હોતી. બુધ ઉપર ગુરૂત્વાકર્ષણ અત્યંત ઓછુ હોય છે. મોનુને બુધ પરથી કોઇ ચંદ્ર ન દેખાયો. જુલ્લુ કહે કે બુધને કોઇ જ ચંદ્ર નથી.


શિયાળો ઉતરતા, ઉનાળાની સાંજે પશ્ચિમ દિશામાં સૂર્યાસ્ત થઇ ગયા બાદ તેજસ્વી તારો દેખાય છે. તે શુક્રનો ગ્રહ છે. આપણને પૃથ્વી ઉપરથી દેખાતા આકાશી ગ્રહોમાં સૌથી વધારે સરળતાથી એ જોઇ શકાય છે. નરી આંખે પણ આપણે શુક્રને જોઇને ઓળખી શકીએ છીએ. શુક્ર કદમાં લગભગ પૃથ્વી જેવડો જ છે. સહેજ નાનો. ત્યાં ગુરૂત્વાકર્ષણ પણ લગભગ પૃથ્વી પર હોય એટલું જ છે. આવી સામ્યતાઓ હોવાથી શુક્રને પૃથ્વીનો 'જોડીદાર' પણ ગણાય. પરંતુ આપણે ત્યાં જવાનું વિચારી ન શકીએ. કારણકે ત્યાંના વાતાવરણમાં કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ વધારે છે. ત્યાં અત્યંત ગરમી છે. અને પાણીનું કોઇ નામો નિશાન નથી. જો કે ભારત સહીત અમુક દેશો શુક્રનો વધુ અભ્યાસ કરવા માટે એની આસપાસ ભ્રમણ કરે એવો ઉપગ્રહ મોકલવા માંગે છે. મોનુ જુલ્લુ સાથે શુક્ર પર ગયો ત્યારે એકદમ જ નવાઇ પામીને બોલી ઉઠ્યો, 'અરે આ શુ ?અહી સૂર્ય પશ્ચિમમાંથી ઉગે છે?' જુલ્લુ કહે કે, 'હા, શુક્ર પર સૂર્ય પશ્ચિમમાંથી ઉગીને પૂર્વમાં આથમતો દેખાય છે'.




શિયાળામાં રાતે પૂર્વ દિશામાં ભૂરાશ પડતો ગુરૂ જોઇ શકાય છે. જુલ્લુએ મોનુને ગુરૂ ગ્રહ વિષે વિશેષ માહિતી આપતા કહ્યું કે ગુરૂનો ગ્રહ સૂર્યમંડળમાં અનેક વિશેષતાઓ ધરાવતો ગ્રહ છે. તે સૂર્યમાળાનો સૌથી વિશાળ ગ્રહ છે. તેમાં આપણી ૧૩૦૦થી પણ વધુ પૃથ્વી સમાઇ જાય ! તે સૌથી વધુ ઝડપે સૂર્યની આસપાસ ફરે છે. આપણો એક દિવસ ૨૪ કલાકનો હોય છે. જ્યારે તેનો દિવસ ફક્ત ૧૦ કલાકનો જ હોય છે. ત્યાં ચુંબકીય બળ એટલું વધારે છે કે પૃથ્વી ઉપર આપણું વજન હોય એના કરતાં ત્યાં અઢી ગણું (૨.૫ ગણું) વધારે વજન થાય ! ગુરૂને અનેક ચંદ્રો છે. એમના ૪ ચંદ્ર તો પ્લુટો કરતાં પણ મોટા છે. ગુરૂનો એક ચંદ્ર 'જેનીમેડ' તો બુધના ગ્રહ કરતાં પણ મોટો છે. તે સૂર્યમાળાના ગ્રહોના તમામ ચંદ્રોમાં સૌથી મોટો ચંદ્ર છે. ગુરૂની એક વિશેષતા એ છે કે તેની સપાટી પર સતત વાવાઝોડા આવ્યા જ કરે છે. એક વાવાઝોડું તો ૩૦૦ વર્ષથી છે !

મંગળની જેમ આપણી પૃથ્વીવાસીઓનો પ્રિય ગ્રહ શનિ છે. શનિએ ગુરૂ પછીનો સૌથી મોટો ગ્રહ છે. શનિના ગ્રહ ફરતે આવેલા વલયોથી તે ખુબજ સુંદર ગણાય છે. આ વલયો હજારો કિલોમીટર સુધી ફેલાયેલા છે. આ વલયો બરફના લાખો કણોના બનેલા છે. આમાંના કેટલાક કણો તો આપણા મકાન જેટલા મોટા હોય છે. તો કેટલાક રેતીના કણ જેટલા હોય છે. શનિને પણ ઘણાં ચંદ્રો છે. શનિ પર પણ તોફાની પવન હોય છે. જે ક્યારેક તો કલાકના ૮૦૦ કી.મી.ની ઝડપ ધરાવે છે.

જુલ્લ મોનુને કહે કે તું યુરેનસ ગ્રહ પર જાય તો તારી ઉંમર એકદમ જ નાની થઇ જાય. એમ કેમ ? કારણકે યુરેનસને સૂર્યનું પરિભ્રમણ કરતાં પૃથ્વીનાં ૮૪ વર્ષ જેટલો સમય લાગે છે ! એટલે ત્યાં ૪૨ વર્ષનો દિવસ અને ૪૨ વર્ષની રાત હોય છે. એની ધરી પર એ ત્રાંસો ફરે છે. યુરેનસના વાતાવરણમાં હાઇડ્રોજનનું પ્રમાણ વધારે છે. એના વાતાવરણમાં મીથેન વાયુ પણ છે. મીથેન વાયુ સૂર્ય કિરણોનો લાલ રંગ શોષી લે છે. અને ભૂરો રંગ ફેલવી દે છે. આથી ભૂરા-લીલા રંગનું આવરણ બની જાય છે. આને લીધે આપણે પૃથ્વી ઉપરથી યુરેનસને જોઇએ તો એની સપાટી પર શું છે તે નથી જોઇ શકાતું. પરંતુ વૈજ્ઞાનિકો એવું માને છે કે યુરેનસની સપાટી નીચે પાણી, એમોનીયા અને મીથેનનો સમુદ્ર હજારો કિલોમીટર સુધી ફેલાયેલો હશે.





નેપ્ચ્યુન ગ્રહ સૂર્યમાળામાં સૌથી દૂર આવેલો ગ્રહ છે. પહેલા આપણે પ્લુટોને સૌથી દૂરનો ગ્રહ માનતા હતા પરંતુ હવે તો પ્લુટોને આપણે ગ્રહ તરીકે જ નથી માનતા એટલે નેપ્ચ્યુન જ સૌથી દૂરનો ગ્રહ ગણાય. નેપ્ચ્યુન પૃથ્વી કરતાં ૪ ગણો મોટો છે. સૂર્યમાળાના ગ્રહોમાં સૌથી વધારે તોફાની વાતાવરણ ત્યાં છે.

૨૦૦૬ સુધી આપણે પ્લુટોને સૌથી નાનો અને સૌથી દૂરનો ગ્રહ કહેતા હતા, પરંતુ ૨૦૦૬માં વૈજ્ઞાનિકોએ પ્લુટોની સૂર્યમાળાના ગ્રહ તરીકેની માન્યતા રદ કરી દીધી. હવે એ લઘુ ગ્રહ ગણાય છે. એ સૂર્યથી એટલો બધો દૂર આવેલો છે કે ત્યાં સૂર્યકિરણો ભાગ્યેજ પહોંચે ત્યાં -૨૩૫ થી -૨૧૦ ડીગ્રી સેલ્સિયસ જેટલું નીચું તાપમાન રહે છે.

આ ઉપરાંત સૂર્યમાળામાં એસ્ટેરોઇડ અને ધૂમકેતુઓ પણ હોય છે. ધૂમકેતુએ સૂર્યમાળાનો નાનો પદાર્થ છે. બ્રહ્માંડના સર્જન વખતે ગ્રહોની ઉત્પત્તિ થયા બાદ ધૂમકેતુ જેવા નાના પદાર્થોનું સર્જન થયું. અવકાશમાં 'ઉર્ટ' નામે ઓળખાતા વાદળોમાંથી ધૂમકેતુઓનું સર્જન થાય છે. ઘણા બધા ધૂમકેતુઓ સૂર્યની આસપાસ ફરે છે. જ્યારે કોઇ ધૂમકેતુ સૂર્યની નજીક હોય છે ત્યારે એને પ્રકાશિત પૂંછ હોય એવું દેખાય છે. આપણે હેલીના ધૂમકેતુથી ઘણા પરિચિત છીએ જે દર ૭૬ વર્ષે આપણે દેખાય છે. આપણું મંગળયાન મંગળ ગ્રહ ફરતે ફરે છે. ત્યારે એક વિશિષ્ટ ઘટના બની. એના માર્ગમાં આવો એક ધૂમકેતુ આવી ગયો એટલે આપણે મંગળયાનનો પથ સહેજ બદલવો પડ્યો ! હવે તો ધૂમકેતુનો અભ્યાસ કરવા રોસેટટા નામના પ્રયોગમાં ફીલાએ લેન્ડર નામનું નાનું યાન ૬૭પી નામના ધૂમકેતુ ઉપર ઉતારવામાં આવ્યું છે. આ અભ્યાસ પૃથ્વીની ઉત્પત્તિ સમજવામાં ઘણો ઉપયોગી થશે. ઘણા એસ્ટેરોઇડ પણ સૂર્યની આસપાસ ફરે છે. એસ્ટેરોઇડ અવકાશી ખડકો છે જે મોટે ભાગે મંગળ અને ગુરૂના ગ્રહ વચ્ચે હોય છે.

જુલ્લુ મોનુને કહે કે આપણા જ્યોતિષીઓ માત્ર આપણી સૂર્યમાળાના ગ્રહોના નામ જ જાણે છે એટલે આપણા પર આ ગ્રહોની કેવી અસર થાય એવી વાતો કર્યા કરે છે. જરા વિચાર કર. આટલી બધી આકાશગંગાની અસંખ્ય સૂર્યમાળાઓ અને એ બધાના અગણિત ગ્રહો-તારાઓ છે. જો આપણને આવા અવકાશી ગ્રહો નડતા જ હોય તો કેટકેટલાથી બચવું પડે ? માટે આપણને ગ્રહો નડે એવી અવૈજ્ઞાનિક વાતો કદાપી ન જ માનતો. વિજ્ઞાનનો જ આધાર લઇને આગળ વધજે. આપણા કાર્યો અને મહેનત જ આપણું ભવિષ્ય ઘડે છે.



**તુષાર જે. અંજારીયા**

## વૈદિક ગણિત-૧૪



**ડો. અતુલ વ્યાસ**
**શિક્ષણશાસ્ત્રી, રાજકોટ**

મિત્રો,
અગાઉના અંકમાં આપણે બે અંકના ઘડીયા માટે સરળ પદ્ધતિનો અભ્યાસ કર્યો ખરૂ ને? આ અંકમાં ૧૦૦ થી ૯૯૯ સુધીના એટલે કે ત્રણ અંકના ઘડીયા માટે આસાન પદ્ધતિ શીખીશું !!!

**ત્રણ અંકના ઘડીયા માટેના સોપાનો**

- જે ત્રણ અંકની સંખ્યાનો ઘડીયો લખવો હોય તેના ત્રણેય અંક અલગ-અલગ લખી તેનો ઘડીયો લખવો (અર્થાત્ માત્ર ૧ થી ૯ ના ઘડીયા લખવા)
- હવે એકમમાં રહેલા અંકના ઘડીયામાંથી એકમની સંખ્યાના અંકને પરિણામના એકમના અંક તરીકે લેવા.
- હવે દશકમાં રહેલા અંકના ઘડીયામાંથી તેની એકમની સંખ્યાને એકમના અંકના ઘડીયાની દશકની સંખ્યામાં ઉમેરી મળતા પરિણામને ઉત્તરના દશકના અંક તરીકે લેવા.
- હવે શતકમાં રહેલા અંકના ઘડીયામાં દશકની સંખ્યાનો દશકનો અંક ઉમેરી ઉત્તરના શતકના અંક તરીકે મૂકવા...

**ઉદાહરણ ૪ ૩ ૨નો ઘડીયો લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪ + ૦ | ૩ + ૦ | ૨ | → | ૪ ૩ ૨ |
| ૦૮ + ૦ | ૬ + ૦ | ૪ | → | ૮ ૬ ૪ |
| ૧૨ + ૦ | ૯ + ૦ | ૬ | → | ૧ ૨ ૯ ૬ |
| ૧૬ + ૧ | ૨ + ૦ | ૮ | → | ૧ ૭ ૨ ૮ |
| ૨૦ + ૧ | ૫ + ૧ | ૦ | → | ૨ ૧ ૬ ૦ |
| ૨૪ + ૧ | ૮ + ૧ | ૨ | → | ૨ ૫ ૯ ૨ |
| ૨૮ + ૨ | ૧ + ૧ | ૪ | → | ૩ ૦ ૨ ૪ |
| ૩૨ + ૨ | ૪ + ૧ | ૬ | → | ૩ ૪ ૫ ૬ |
| ૩૬ + ૨ | ૭ + ૧ | ૮ | → | ૩ ૮ ૮ ૮ |
| ૪૦ + ૩ | ૦ + ૨ | ૦ | → | ૪ ૩ ૨ ૦ |

**ઉદાહરણ ૫ ૮ ૬ નો ઘડીયો લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫ + ૦ | ૮ + ૦ | ૬ | → | ૫ ૮ ૬ |
| ૧૦ + ૧ | ૬ + ૧ | ૨ | → | ૧ ૧ ૭ ૨ |
| ૧૫ + ૨ | ૪ + ૧ | ૮ | → | ૧ ૭ ૫ ૮ |
| ૨૦ + ૩ | ૨ + ૨ | ૪ | → | ૨ ૩ ૪ ૪ |
| ૨૫ + ૪ | ૦ + ૩ | ૦ | → | ૨ ૯ ૩ ૦ |
| ૩૦ + ૪ | ૮ + ૩★ | ૬ | → | ૩ ૫ ૧ ૬ |
| ૩૫ + ૫ | ૬ + ૪★ | ૨ | → | ૪ ૧ ૦ ૨ |
| ૪૦ + ૬ | ૪ + ૪ | ૮ | → | ૪ ૬ ૮ ૮ |
| ૪૫ + ૭ | ૨ + ૫ | ૪ | → | ૫ ૨ ૭ ૪ |
| ૫૦ + ૮ | ૦ + ૬ | ૦ | → | ૫ ૮ ૬ ૦ |

★ અહીં વદીનો ખ્યાલ કરી ત્યારબાદની સંખ્યામાં વદી ઉમેરવી

**ઉદાહરણ ૯ ૮ ૭ નો ઘડીયો લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯ + ૦ | ૮ + ૦ | ૭ | → | ૯ ૮ ૭ |
| ૧૮ + ૧ | ૬ + ૧ | ૪ | → | ૧ ૯ ૭ ૪ |
| ૨૭ + ૨ | ૪ + ૨ | ૧ | → | ૨ ૯ ૬ ૧ |
| ૩૬ + ૩ | ૨ + ૨ | ૮ | → | ૩ ૯ ૪ ૮ |
| ૪૫ + ૪ | ૦ + ૩ | ૫ | → | ૪ ૯ ૩ ૫ |
| ૫૪ + ૪ | ૮ + ૪★ | ૨ | → | ૫ ૯ ૨ ૨ |
| ૬૩ + ૫ | ૬ + ૪★ | ૯ | → | ૬ ૯ ૦ ૯ |
| ૭૨ + ૬ | ૪ + ૫ | ૬ | → | ૭ ૮ ૯ ૬ |
| ૮૧ + ૭ | ૨ + ૬ | ૩ | → | ૮ ૮ ૮ ૩ |
| ૯૦ + ૮ | ૦ + ૭ | ૦ | → | ૯ ૮ ૭ ૦ |

★ અહીં વદીનો ખ્યાલ રાખવો

જીવન કોષમાંથી બે શબ્દોને કાયમને માટે છેકી નાખીએ – 'અશક્યતા અને કંટાળો' જીવન જીવતા આવડે તો કશુ અશક્ય નથી. કોઇપણ કામ આનંદથી કરશો તો ક્યાંય કંટાળો નથી.


# પ્લાસ્ટીકની બોટલનું હેલીકોપ્ટર

**સામગ્રી**

- એક પુસ પીન
- એક નાની પ્લાસ્ટીકની બોટલ
- ત્રણ સ્ટ્રોને
- કાતર કે કટર
- પેન્સીલ
- એક બોટલમાં જઇ શકે તેવું નાનું ઢાંકણું
- બોટલ પ્રમાણે તેમાં આવે તેવો નાનો પ્લાસ્ટીકનો બોલ (દડો)

**બનાવવાની રીતઃ**

- પ્લાસ્ટીકની નાની બોટલને બરાબર વચ્ચે પેન્સીલની મદદથી લાઇન દોરીને કાતર કે કટરની મદદથી કાપી લો. કાપેલા બોટલના આગળના ભાગમાં તેના મુખમાં ઢાંકણું અંદર બેસાડો જરૂર પડે તો ગુંદરથી ચોટાડી દો.
- ત્યારબાદ બે સ્ટ્રોને સરખા પ્રમાણમાં કાપી લો અને કોઇ પણ એક છેડે બન્ને સ્ટ્રોને થોડી વાળી દો.
- બોટલના બીજા ભાગમાં ઉપરથી એક પાતળી પટ્ટી કાપી લો અને સ્ટ્રોના વળેલા બન્ને ભાગ એક બાજુ રહે તે રીતે થોડી જગ્યા રાખી કાપેલી પટ્ટીને ગુંદરની મદદથી બન્ને સ્ટ્રોની વચ્ચે ચોટાડી દો. તે હેલીકોપ્ટરનું નીચેનું સ્ટેન્ડ થઇ જશે.
- બીજી એક સ્ટ્રોના વચ્ચેથી બે સરખા ભાગ કરી લો અને હેલીકોપ્ટરના પંખા હોય તેમ રાખી પુસપીનની મદદથી બનાવી લો. સ્ટ્રોના એક નાના ટુકડાથી તે દેખાય નહી તે રીતે કવર કરી લો.
- હવે ઢાંકણાવાળો ભાગ લઇ ઢાંકણામાં બરાબર વચ્ચે કાતરની મદદથી કાણું પાડી લો. ગુંદરની મદદથી બીજી એક સ્ટ્રો જેમાં તેની પાછળનો ભાગ વળેલ હોય છે તે પાછળ રહે તેમ ઢાંકણા પર ગુંદરની મદદથી ચોંટાડો.
- હવે બનાવેલા સ્ટેન્ડને ઢાંકણાવાળો ભાગ આગળ રહે તે રીતે ચોંટાડો બનાવેલા પંખા વાળા ભાગને બોટલની ઉપર રહે તેમ લગાવી લો. જરૂર પડે તો ગુંદરથી ચોંટાડી દો.
- ઢાંકણાના પાછળના ખુલ્લા ભાગમાં ગુંદર લગાવી પ્લાસ્ટીકનો બોલ લગાવો બરાબર ચોંટાડી દો.
- તેમ જોઇ શકો છો હેલીકોપ્ટર તૈયાર છે.



## WINNER OF AUGUST



PATEL DISHA
Tripada School,
Ahmedabad



## ચિત્રકલા



**હાર્દિ પટેલ**
એલ.એમ.એલ સ્કૂલ, અમદાવાદ



**પીઠડીયા વિવેક**
રોઝરી સ્કૂલ, રાજકોટ

## સફરજન જ્યુસ

**સામગ્રી**

- સફરજન (Apple)
- ૨ ગ્લાસ દૂધ (Milk)
- ખાંડ (Sugar) જરૂર પ્રમાણે

**રીત :**

- સૌ પ્રથમ એપલને ધોઇ છોલી નાના નાના ટુકડા કરવા અને પછી દૂધ અને ખાંડ ઉમેરી મિક્સરમાં ક્રશ કરી લેવું.
- થોડીવાર ફ્રિજમાં મુકી અને ઠંડુ ઠંડુ પીરસવું.



## યોગ-૧૫ શવાસન


'શવ'નો અર્થ 'મૃતદેહ'થાય. આ આસનની છેલ્લી સ્થિતિમાં શરીર મૃતદેહ માફક થઇ જાય છે.

**આસનની રીતઃ**

- પીઠ પર સૂઈ જાવ.
- હાથ-પગને ખુલ્લા અને ઢીલા છોડી દો. હથેળીઓ આકાશ તરફ રાખો.
- આંખો બંધ કરીને મનને બહારથી અંદરની તરફ વાળવાનો પ્રયત્ન કરો. સમગ્ર શરીરને ઢીલુ કરો. શરીરનો કોઈપણ ભાગ કઠોર ન રહેવો જોઈએ. શ્વાસને મંદ અને ઉંડો બનાવવાની કોશીશ કરો. આરામની આવશ્યકતા મુજબ ઉપરોક્ત સ્થિતિ જાળવી રાખો.
- આ આસનમાં સંપૂર્ણ શાંતિ અને આરામનો અનુભવ થવો જોઈએ.

**આસનના ફાયદાઃ**

- શારીરિક તથા માનસિક થાક દૂર થાય છે.
- આંતરડાની ગતિ નિયમિત થવાથી ગેસ અને મળાવરોધ દૂર થાય છે.
- સ્નાયુઓ અને જ્ઞાનતંતુઓનો તણાવ ઘટે છે.
- રક્તનું દબાણ ઘટે છે. હૃદયને આરામ મળે છે. ઉચ્ચ રક્ત દબાણ, હૃદયની બિમારીઓ, અનિદ્રા, માનસિક તણાવ જેવા રોગોમાં રાહત મળે છે.





## જો જો પાછા હસતા નહી

### ટ્રેન ઉપડી ગઈ?

એકવાર ત્રણ પ્રોફેસરો સ્ટેશન પર ટ્રેનની રાહ જોતા જોતા વાતો કરી રહ્યા હતા.
વાતચીતમાં તેઓ એવા તલ્લીન થઈ ગયા કે ટ્રેન આવી તેનો અવાજ પણ કોઈને સંભળાયો નહીં.
ટ્રેન ઉપડી ત્યારે અચાનક એક પ્રોફેસરે ચમકીને કહ્યું : 'અરે! ગાડી આવી... ને ઉપડી ...' ત્રણે ટ્રેન પકડવા દોડ્યા.
તેમાંથી બે જણ ટ્રેન પકડી શક્યા. એક જણ રહી ગયો.
બાજુમાં ઉભેલા એક ભાઈએ તેને આશ્વાશન આપ્યું કંઈ નહીં.
તમારા બે મિત્રો તો ટ્રેનમાં ચડી શક્યા ને!
પ્રોફેસરે કહ્યું : પણ એ બે જણા તો મને વળાવવા આવ્યા હતા.

### ૧૦૦ રૂપિયાની ચોરી

**જજઃ** ન્યાયાધીશ તે હજુ બે દિવસ પહેલા જ ૧૦૦ રૂપિયાની ચોરી કરી હતી અને આજે ફરીથી ચોરી કરી તને શરમ નથી આવતી?
**ચોરઃ** જજ સાહેબ, આટલી મોંઘવારીમાં ૧૦૦ રૂપિયા કેટલા દિવસ ચાલે?

### પૃથ્વી ગોળ કેમ ફરે છે?

**રોનાલ્ડોઃ** જો હું બોલને લાત મારુ તો તે ૩ મિનિટ સુધી હવામાં ગોળ ગોળ ફરે
**રજનીકાંત :** અણ્ણા રાસ્કલા ! તને ખબર છે કે પૃથ્વી અત્યાર સુધી ગોળ કેમ ફરે છે ?

જેના વડે મનુષ્ય જીવે છે તે સંસ્કૃતિ નથી. પણ જેને માટે મનુષ્ય જીવે છે તેનું નામ સંસ્કૃતિ! — **કનૈયાલાલ મુનશી**

# પરમવીર વિક્રમ બત્રા

શું કેટલાક લોકો હીરો તરીકે જ જન્મ્યા હોય છે ? શું એવા પુરૂષો હોય છે કે જે મહાનતા માટે નિયત થયેલા હોય છે ? આવા બધા ગુણો ધરાવતા પુરૂષો હોવા છતાં કે જેમણે વિશ્વમાં સફળતા મળશે એવી ખાતરી હોવા છતાં શું તેઓ અન્ય લોકો માટે બલિદાન આપશે ? દરેક વખતે એકવાર આ દેશના ઈતિહાસમાં આવા પુરૂષો અને સ્ત્રીઓ આવ્યા છે, જે કાંઈક અસાધારણ કરવા માટે જન્મ્યા હોય છે.

કેપ્ટન બત્રા આવાજ એક અજબ લોકોમાંના એક હતા.

તેમનો જન્મ ૯ સપ્ટેમ્બર ૧૯૭૪માં હિમાચલ પ્રદેશનાં પાલમપુરમાં તેમના જોડિયા ભાઈ વિશાલ બત્રા સાથે થયો હતો. આ બંને જોડિયા ભાઈઓને તેમની માતા દ્વારા ‘લવ અને કુશ’ ઉપનામ આપવામાં આવ્યાં હતાં. કારણકે તેમની માતા ભગવાન રામને ખૂબજ માનતા હતા અને ભગવાન રામને પણ ‘લવ અને કુશ’ જોડિયા બાળકો હતા. કેપ્ટન બત્રાને બે બહેનો પણ હતી. તેમનાં પિતા ગર્વમેન્ટ સ્કૂલનાં પ્રિન્સિપાલ હતા અને તેમના માતા સ્કૂલનાં શિક્ષિકા હતા.



કેપ્ટન વિક્રમ ખૂબજ તેજસ્વી વિદ્યાર્થી હતા. તે હંમેશા સ્કૂલ અને કોલેજમાં ખૂબજ ઉંચા ગ્રેડ લઈ ઉર્તીણ થતા હતાં. તે એક અસાધારણ રમતવીર પણ હતાં. જેમાં મોટાભાગની રમતોમાં તેમણે શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. ટેબલ ટેનિસ અને સ્કેટીંગ તેમની મનપસંદ રમતોમાંની રમતો હતી. તેઓ સ્કૂલનાં દિવસો દરમ્યાન નેશનલ લેવલે ટેબલ ટેનિસ પણ રમી ચૂક્યા છે.

આ બધા ગુણો એકજ માણસ પૂરતા ન હતાં. તેઓ એક ચૂંબકીય વ્યક્તિત્વ ધરાવતા હતાં. તેમનાં ચહેરા પર એક અનોખી ચમક હતી. અને સ્મિત તો હંમેશા તેના ચહેરાની શાન હતું. તેથી જ તેમના નાનકડા પાલમપુરના લોકો તેમને ખૂબજ ચાહતા હતાં. આવા અસાધારણ વ્યક્તિનાં સ્મિતને ટૂંક સમયમાં જ આપણા રાષ્ટ્ર દ્વારા રૂદનમાં જોવામાં આવ્યું.

૧૯૯૯માં પાકિસ્તાન દ્વારા ‘કારગીલ’ પર આક્રમણ કર્યું. ત્યારે લેફટનન્ટ વિક્રમ બત્રા ૧૩ જેક રાઈફલ્સ અને તેની ડેલ્ટા કંપનીને યુદ્ધની શરૂઆતનાં પાંચ અઠવાડિયા પછી એટલે કે ૧, જુન ૧૯૯૯નાં રોજ પીક ૫૧૪૦ પાછું મેળવવાનો આદેશ આપવામાં આવ્યો. કારગીલના ‘શેરશાહ’ નામથી ઉપનામિત લેફટનન્ટ બત્રાએ અસાધારણ હિંમત અને બુદ્ધિ બતાવી હતી. એજ સમય દરમ્યાન તેમને લેફટનન્ટમાંથી કેપ્ટન બનાવવામાં આવ્યાં હતાં. તેમણે એકલા હાથે ત્રણ દુશ્મન સૈનિકોને માર્યા હતાં. તેમાં તેમને ઈજા થઈ હોવા છતાં કેપ્ટન બત્રાએ તેમની ટીમનાં જવાનોને યુદ્ધમાં આગળ વધવા માટેનો માર્ગ મોકળો કર્યો હતો.

‘યે દિલ માંગે મોર’ એ તેમની કંપનીની સફળતાનો સંકેત હતો. રાષ્ટ્રને શાંત પાડવા માટે આ નાયકની આત્મવિશ્વાસથી ભરેલી વાણી ખૂબજ અનોખી અસર પાડી હતી. પીક ૫૧૪૦ને પાછુ મેળવવામાં ભારતીય સૈનિકોને સફળતા મળી. ત્યારબાદ કેપ્ટન બત્રાને ૮૦ ડિગ્રીનાં ઢોળાવ સાથે ટોચની પીક ૪૮૭૫ને પુનઃપ્રાપ્ત કરવા માટે તાત્કાલીક મિશન સોંપવામાં આવ્યું હતું. જ્યાં પાકિસ્તાનની સેના સ્પષ્ટ રીતે ભારતીય સૈનિકોની ચળભળ અને ચઢાણને જોઈ શકે એ રીતે તેનાત હતી.

૭ જુલાઈ ૧૯૯૯ની સવારે તેમણે એ પીક પરનાં ઘાયલ ભારતીય સૈનિકોને બચાવવા માટે એક આદેશ આપ્યો. બચાવ કરવાનાં પ્રયત્ન દરમ્યાન તેમણે પોતાનાં સુબેદારને ખસી જવા આદેશ આપ્યો અને કહ્યું, “તુ બાલ બચ્ચેવાલા હૈ, હટ જા પીછે” અને તેઓ શત્રુ સામેની લડાઈમાં શહીદ થયાં. તેમના છેલ્લા શબ્દો ‘જય માતા દી’ હતાં.

તે દિવસને આજે સત્તર વર્ષ વીતી ગયા છે. એ યુદ્ધ તો આપણે જીતી ગયા પરંતુ કેપ્ટન વિક્રમ બત્રા પોતાના જીવનનું યુદ્ધ હારી ગયાં. પણ કહેવાય છે ને નાયકો ક્યારેય મૃત્યુ પામતા નથી. તેઓ પોતાની અનોખી અને અવિસ્મરણીય છાપ દેશ માટે મુકતા જાય છે.

પરમવીર વિક્રમ બત્રા હજુ પણ જીવે છે. તેમની બહાદુરીમાં, તેમના બલિદાન, તેમની બુદ્ધિ અને તેમનું અવિસ્મરણીય સ્મિત આજે પણ લોકોનાં હૃદયમાં વસેલ છે. અને હંમેશા રહેશે.

या तो में तिरंगे को लहराकर आऊँगा,
या फिर तिरंगे में लिपटकर आऊँगा,
मगर वापस जरुर आऊँगा.


આ શબ્દો કેપ્ટન વિક્રમ બત્રાનાં હતા અને તેમણે તેમના આ શબ્દોને સાર્થક કર્યા હતાં.

વિક્રમ બત્રાની યાદને તાજી કરવા માટે મારો નાનો એવો પ્રયાસ છે કે જેણે કારગીલને મુક્ત કરાવ્યું હતું.

થોડા શબ્દો આપણાં રાષ્ટ્રની શાન આપણાં સૈનિકો માટે..

ये शेर दिल किस मिट्टी के बने होते है,
उन्हे किसी का डर नही लगता,
जान किसी और की खतरे में होती है,
सीना ये अपना आगे कर लेते है,
गजब के दिवाने होते है ये वीर,
आँच मिट्टी पर आती है,
सीच देते है, अपने लहु से, उसे.
मगर वापस जरुर आऊँगा.

આજે આપણે ભારતીય હોવાનો ગૌરવ અનુભવીએ છીએ. આવા જ બહાદુર વીરોને કારણે.



**રીદ્ધી પટેલ**
શિક્ષક, રાજકોટ



# શિક્ષક રાષ્ટ્રની સંસ્કૃતિના મધુર માળી

શિક્ષક એટલે ગુરૂ કે જેને ઈશ્વરથી પણ મહાન ગણવામાં આવ્યા છે. શિ-શિસ્ત, ક-કલા, જેનો અર્થ છે. આવા શિક્ષકોનાં કાર્યોને બિરદાવવા માટે દર વર્ષે ૫ સપ્ટેમ્બરના દિવસે શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. મહાન દર્શનિક શિક્ષક એવાં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનાં જન્મ દિનને આપણે સૌ શિક્ષક દિન તરીકે ઉજવીએ છીએ. પોતાના જ્ઞાનથી તેઓ વિદ્યાર્થીઓને પ્રભાવિત કરતાં હતાં. દેશ વિદેશનાં કેટલાય વિશ્વવિદ્યાલયોમાં તેમણે પોતાનાં વ્યાખ્યાન આપ્યા કે જે આજે પણ યાદ કરવામાં આવે છે.

જ્યારથી ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનાં નામ પરથી શિક્ષક દિન ઉજવવાની શરૂઆત થઈ ત્યારથી જન સામાન્ય તથા સરકારનું ધ્યાન શિક્ષકોની ખરાબ પરિસ્થિતિ પર આવ્યું છે. આ શિક્ષક દિનનાં દિવસે ડો. રાધાકૃષ્ણનને શ્રધ્ધાંજલી આપવામાં આવે છે. તે ઉપરાંત દેશ ભરમાં શિક્ષક વર્ગ પ્રત્યે સમ્માન પ્રગટ કરવા માટે અલગ અલગ કાર્યક્રમો પણ યોજાય છે. જેમાં શિક્ષકોને તેમનાં મહત્વપૂર્ણ કાર્યો માટે પુરસ્કાર આપવામાં આવે છે.

વિષમ પરિસ્થિતિમાં શિક્ષક જ એ પુજારી છે કે સમાજનાં મંદિરમાં નૈતિક અને માનવીય મૂલ્યોનાં મહત્વને પૂર્ણ રૂપથી સ્થાપિત કરે છે. શિક્ષકોને જે ગરિમા આપણાં વેદ પુરાણોમાં આપવામાં આવી છે. તે ગરિમાને કાયમી રાખવા માટે શિક્ષકોને પુરસ્કાર આપવા જ જરૂરી નથી. પરંતુ તેમના મહત્વને ઓળખ આપવાની પણ જરૂર છે.

આજે જો અધ્યાપક પુરસ્કાર મેળવીને જ ખુશ થાય છે. તેનાં બદલામાં જો પુરસ્કાર આપવાવાળા સમાજનાં સૌથી ઉંચા વર્ગમાં તે અધ્યાપક પોતાનું સ્થાન બનાવી શકે તો સાચા અર્થમાં શિક્ષક દિન ઉજવવો સફળ થઈ શકશે.



**ગોહેલ દેવાંશી એચ.**
વિદ્યાર્થી, રાજકોટ

**ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન**
**જન્મ : ૫ સપ્ટેમ્બર, ૧૯૮૮**
**જન્મ સ્થળ : તમિલનાડુનું તિરૂતની ગામ**
**શિક્ષણ : પ્રાથમિક શિક્ષણ : લુર્થન મિરાન**
**સ્કૂલ કોલેજઃ મદ્રાસ ક્રિસચિયન કોલેજ**
**માતાનું નામ : સિતામ્મા**
**પિતાનું નામ : સર્વપલ્લી વિરાસ્વામી**
**અવસાન દિવસ : ૧૭ એપ્રિલ ૧૯૭૫**
**અવસાન સ્થળ : મદ્રાસ, તમિલનાડુ**



# શ્રેષ્ઠ મુખ્યમંત્રી હાલના વડાપ્રધાન

નરેન્દ્ર દામોદર દાસ મોદી નો જન્મ ૧૭ સપ્ટેમ્બર,૧૯૫૦ના રોજ થયો હતો. તેઓ ભારતના હાલના વડાપ્રધાન છે. ૨૦૧૪ થી તે ગુજરાતના મુખ્યમંત્રી હતા. ૨૦૦૧ થી ૨૦૧૪ સુધી તેઓ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના સભ્ય હતા.

તેમનો જન્મ વડનગરમાં ગુજરાતી પરિવારમાં થયો હતો. મોદીજીએ એક બાળક તરીકે પોતાના પિતાને ચા વેચવામાં મદદ કરી, અને બાદમાં પોતાનો સ્ટોલ ચલાવ્યો.આઠ વર્ષની ઉંમરથી તેમની સામે RSS ની રજૂઆત કરી દેવામાં આવી હતી. ૧૯૭૧માં તેઓ RSS માટે એક સ્ટોલ ટાઈમ વર્કર બન્યા. ૧૯૮૫માં RSS એ તેમને ભાજપને સોંપ્યો, અને તેમણે ૨૦૦૧ સુધી પક્ષની અંદર સર્વાંગી હોદો સંભાળ્યો.

વર્ષ ૨૦૦૧માં કેશુભાઈ પટેલના ખરાબ આરોગ્યને કારણે મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નિયુકત થયા હતા. મોદી પ્રધાનની નીતિઓ પછી તરત વિધાનસભામાં ચૂંટાયા હતા, આર્થિક વૃધ્ધિને પ્રોત્સાહન આપતા તેમને ખૂબ પ્રશંસા પ્રાપ્ત થઈ છે.

મોદીએ ૨૦૧૪ની સાલમાં ચૂંટણીમાં ભાજપનું નેતૃત્વ કર્યું હતું, જેણે લોકસભામાં પક્ષને બહુમતી આપી હતી, ૧૯૮૪ બાદ પહેલી વાર પાર્ટીમાં મોદી પોતે વારાણસીની સંસદમાંથી ચૂંટાયા હતા.

**મુખ્યમંત્રી પદ પર આવ્યાં બાદ ગુજરાત વિકાસ માટે તેમણે ઘણીબધી યોજનાઓ અમલમાં મૂકી જે આ પ્રમાણે છે.**



- **બાળકો માટે**
- બાળમૃત્યદર પર ઘટાડો
- બેટી બચાવો યોજના
- વિદ્યાથીઓને મધ્યાહન ભોજના
- **સ્ત્રીઓ માટે**
- કન્યા કેળવણી યોજના માતૃવંદના યોજના
- સરકારી કર્મચારીઓને શિક્ષણ તથા તાલીમ પૂરા પાડવા
- ખેતીને લગતી યોજના માટે જમીન માટેની કૃષિ વિષયક સંશોધન પ્રયોગશાળા
- દરેક ગામડામાં વિદ્યુતકરણ થાય તે માટે જયોતિગ્રામ યોજના.
- ઈન્ડીયા ટુડે મેગેઝીન દ્વારા નરેન્દ્ર મોદી દેશના શ્રેષ્ઠ મુખ્યમંત્રી જાહેર કરવામાં આવ્યાં.
- હાલનાં વડાપ્રધાન પદ તરીકેની તેમની કામગીરી હજુ ચાલી રહી છે.


# ભારતના આર્થિક સુધારાના પ્રણેતાઃ મનમોહનસિંહ

મનમોહન સિંહનો જન્મ ભારતના ભાગલા પડયા તે પહેલાના પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ૨૬ સપ્ટેમ્બર ૧૯૩૨ના રોજ થયો હતો. ભારતના ભાગલા બાદ તેમનો પરિવાર ભારત આવી ગયો. માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિકનો અભ્યાસ તેમણે પંજાબની વિશ્વવિદ્યાલયમાંથી કર્યો. વધુ અભ્યાસ માટે તેઓ કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલય ગયા અને ત્યાં અર્થશાસ્ત્ર વિષયમાં પી.એચ.ડી.ની ડીગ્રી મેળવી, ત્યાર બાદ ૧૯૬૨માં ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર વિષય પર જ એમ.ફિલની ડિગ્રી મેળવી. ડૉ.મનમોહન સિંહે અર્થશાસ્ત્રના આધ્યાપક તરીકે ખૂબ નામના મેળવી છે. તેમણે પંજાબની વિશ્વવિદ્યાલયમાં અને દિલ્હીની પ્રાથમિક શાળા દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિકસમાં પ્રાધ્યાપક તરીકેની ફરજ બજાવી હતી. આ વચ્ચેના સમયગાળા દરમિયાન તેઓએ મંત્રાલયમાં અને સાઉથ કમિશન, જીનીવામાં સલાહકાર અને સચિવ પણ રહ્યાં છે.

૧૯૭૧માં ડૉ.મનમોહનસિંહ ભારત સરકારમાં નાણાં મંત્રાલયમાં આર્થિક સલાહકાર તરીકે જોડાયા. અને ૧૯૭૨માં તેમની નિમણૂક મુખ્ય આર્થિક સલાહકાર તરીકે થઈ. આ સાથે સાથે તેઓ નાણા મંત્રાલયનાં સચિવ, આયોજન પંચના ઉપાધ્યક્ષના ગર્વનર, પ્રધાનમંત્રીના સલાહકાર, યુજીસીના અધ્યક્ષ સહિત મહત્વના પદ તેઓ સંભાળી ચૂકયા છે.

૧૯૯૧ થી ૧૯૯૬ ના પાંચ વર્ષમાં તેઓ નાણામંત્રી તરીકે રહ્યાં. ડૉ.મનમોહન સિંહને ભારતના આર્થિક સુધારાના પ્રણેતા માનવામાં આવે છે. ભારતના ૧૪માં પ્રધાનમંત્રી સાચા વિચારક અને વિદ્વાન છે. તેમનામાં કર્તવ્ય પરાયણતા અજવાસુ વલણ, સરળતાથી બધાને ઉપલબ્ધ રહેવાનું વલણ, અથાગ પરિશ્રમની વૃતિ અને વ્યાવસાયકિ સૂઝબૂઝ જેવા ગુણો જોવા મળે છે. સર્વોચ્ચ નાગિરક તરીકેનું સન્માનના ફળ સ્વરૂપે તેમને પદ્મવિભૂષણ એવોર્ડ આપવામાં આવ્યો.

આંતરરાષ્ટ્રીય પરિષદો અને સંગઠનોમાં તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. ૨૦૦૪માં મનમોહનસિંહે પ્રધાનમંત્રી પદની શપથ લીધી હતી.



# ભગતસિંહનો જન્મ દિવસ ઇંન્કલાબ ઝીંદાબાદ



**જન્મ : ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ પંજાબ**
**પિતા : સરદાર કિશનસિંહ સાધુ**
**માતા : વિદ્યાવતી**
**શિક્ષણ : D.A.V. હાઇસ્કૂલ, કોલેજ લૈલાપુર, પંજાબ**
**શિક્ષા :૧૯૨૩ મેં ઇંટરમિડિયા પરીક્ષા ઉર્તીણ**
**ધર્મ : શીખ**
**મિત્ર : રાજદેવ અને સુખદેવ**
**વિવાહ : નથી કર્યા**
**મૃત્યુ : ૨૩ માર્ચ ૧૯૩૧**

ભારત તો વીરોની ભૂમિ કહેવાય છે. તેવા એક મહાન શહિદ વીર થઈ ગયા. જેમનું નામ હતું ભગતસિંહ. જે ખૂબજ ઓછુ જીવ્યા પણ ખુમારીથી અને કોઈપણની ગુલામી વીના. તેઓ હાલ પણ દેશભક્તિની એક જીવતી મીશાલ છે.

ભગતસિંહ દેશની આઝાદી માટે જે સાહસની સાથે શક્તિશાળી બ્રિટિશ સરકારનો મુકાબલો કર્યો. તે ભુલી નહીં શકાય. તેઓએ કેન્દ્રીય સંસદમાં બોમ્બ ફેંકીને પણ ભાગવાની ના પાડી. તેમની સાથે તેમના બે મિત્રો સુખદેવ અને રાજદેવની સાથે ફાંસી ઉપર ચડાવી દીધા હતાં.

તે સમયે ભગતસિંહ ૧૨ વર્ષના હતાં. જ્યારે જલીયાવાલા બાગમાં હત્યાકાંડ થયો હતો ત્યારે ભગતસિંહ પોતાની શાળાએથી ૧૨ કિ.મી. ચાલીને જલીયાવાલા બાગ આવ્યા. આ ઉંમરમાં ભગતસિંહ પોતાના ચાચાઓની ક્રાંતીકારીઓની કિતાબ વાંચી વાંચીને વિચારતા હતા કે આ લોકોનો રસ્તો સાચો છે કે નહીં ? ગાંધીજીના અસહ્ય આંદોલનને રદ કરવાના કારણે તેમનામાં થોડો ગુસ્સો ઉત્પન્ન થયો.



**દોશી ખુશી એન.**
વિદ્યાર્થી, રાજકોટ

# અભિનવ બિન્દ્રા



અભિનવ બીન્દ્રાનો જન્મ ભારતનાં ઉત્તરાખંડમાં દહેરાદૂનમાં ૨૮ સપ્ટેમ્બર ૧૯૮૨માં થયો હતો. તેઓ એક ભારતીય વ્યવસાયિક શૂટર અને ઉદ્યોગપતિ છે, અને ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં વર્લ્ડ અને ઓલિમ્પિક ચેમ્પીયન છે. ૨૦૦૮નાં બેઈજીંગ ઓલિમ્પિક ગેમ્સમાં ૧૦ મીટર એર રાઈફલ સ્પર્ધામાં ગોલ્ડ જીતીને ઓલિમ્પિક ગેમ્સમાં વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતનાર તે પ્રથમ ભારતીય બન્યો. અભિનવ બિન્દ્રા એક પંજાબી પરિવારમાં જન્મ લીધો હતો. બિન્દ્રાએ કહ્યું હતુ કે તે જ્યારે સ્કૂલમાં હતાં ત્યારે તેણે ઘણી બધી રમતોને જાણી હતી અને અનિચ્છાએ તેમણે શૂટીંગ કરવાનું શરૂ કર્યું હતું. પાછળથી તેને રમતોથી પ્રેમ થયો. અભિનવ બિન્દ્રાના માર્ગદર્શક ડો. અમિત ભટ્ટાચાર્ય હતાં, જે તેમની કારકિર્દીની શરૂઆતથી તેમની સાથે નજીકથી સંકડાયેલા હતાં. ભટ્ટચાર્ય અને તેમના પ્રથમ કોચ લેફટન ધિલ્લોન એ અભિનવની સંભવિતતા શોધવાની પહેલ કરી હતી. વર્ષ ૨૦૦૦નાં ઓલિમ્પિક ગેમ્સમાં બિન્દ્રા સૌથી યુવાન ભારતીય ખેલાડી હતો. તેમના વર્તમાન કોચ બેલ, સ્વિટઝલેન્ડથી પાંચ વખત ઓલિમ્પિકનાં શૂટર ગેબિઅલ બુહલમેન છે, જેની સાથે તેને ઓલિમ્પિકસ પહેલાં જર્મનીમાં તાલીમ લીધી હતી.

૧૫ વર્ષ ૧૯૯૮થી કોમનવેલ્થ ગેમ્સમાં અભિનવ બિન્દ્રા સૌથી નાના સહભાગી બન્યા હતાં. ત્યારબાદ તેમની કારકિર્દીની શરૂઆત થઈ હતી, જે આ પ્રમાણે છે.

**વર્ષ ૨૦૦૦માં – અર્જુન એવોર્ડ**
**વર્ષ ૨૦૦૧માં – રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ (ભારતનો સર્વોચ્ચ પુરસ્કાર)**
**વર્ષ ૨૦૦૯માં – પદ્મભૂષણ એવોર્ડ**
**વર્ષ ૨૦૧૧માં - ભારતીય ટેરિટેરિયલ આર્મી**

# લતા મંગેશ્કર



લતા મંગેશ્કર હિન્દી ફિલ્મ જગતના ખ્યાતનામ પ્રાશ્વ ગાયીકા છે. તેમનો જન્મ ૨૮,સપ્ટેમ્બર ૧૯૨૯ ના રોજ ઇન્દોરમાં થયો હતો. ફિલ્મી ગીતોની સાથે સાથે તેમણે બિન ફિલ્મી ગીતો, બીજા લોકપ્રીય ગીતો,ભજનો,પ્રભાતિયા અને ગુજરતી ગીતોનો પણ સમાવેશ કરવામાં આવે છે. ફિલ્મ જગતને દરેક અભિનેત્રી માટે કદાચ લતા મંગેશ્કર પ્રાશ્વ ગાયીકા તરીકે પોતાનો અવાજ આપી ચૂકયાં છે. લતા મંગેશ્કરની કારકીર્દી છ દાયકા પૂર જોરમાં ચાલેલી અને હજી પણ અમુકગીતો માટે ચાલી જ રહી છે.

ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝના નવા તથા જૂના દરેક ગાયકો સાથે તેઓ કામ કરી ચૂકયાં છે. પોતાની નાની બહેન આશા ભોંસલે સાથે તેઓનું યોગદાન હિન્દી ફિલ્મ સંગીતમાં સૌથી મોટું ગણાય છે.

લતા મંગેશ્કરના પિતાનું નામ પંડિત દિનાનાથ મંગેશ્કર ગોવાના ગોમાન્તક મરાઠા સમાજ સાથે આ કુટુંબ સંકળાયેલું છે. તેમના પિતા એક શાસ્ત્રીય ગાયક અને થિયેટર અભિનેતા હતા. તેમની માતાનું નામ શેવતી હતું.

લતા મંગેશ્કરનું મૂળ અને બાળપણનું નામ “હેમા” હતું ત્યારબાદ તેમના માતાપિતાએ તેમને લતા નામ આપ્યું. તેમના કુટુંબની મૂળ અટક હરદિકર હતું પરંતુ ગોવામાં તેઓ મંગેશી ગામમાં રહેતા હતા તેના પરથી તેમની અટક મંગેશ્કર રાખી.

# સ્વચ્છતા ત્યાં પ્રભુતા



સ્વચ્છતા ત્યાં પ્રભુતા એવું વારંવાર જ્યાં-ત્યાં લખતા અને વિચાર્યા વગર પોકારતા આપણે સૌ સ્વચ્છ છીએ ખરા ? પરમ ગાંધીવાદી, સ્વયંભૂ સ્વચ્છતાના હિમાયતી પરમ પૂજ્ય સ્વ. ઇશ્વરભાઇ પટેલે કહ્યું છે કે "જાહેર શૌચાલય સ્વર્ગ પરનું નરક છે" આજે શહેરીકરણ ઝડપથી વધી રહ્યું છે, ગામડાં તૂટી રહ્યા છે, સરકાર, NGO, તેમજ વિદેશી સંસ્થાઓ સાફ-સફાઇ માટે પ્રયાસશીલ છે. છતાંયે માનવ સમાજમાં સ્વ પરિવર્તન ન આવે ત્યાં સુધી કોઇ દિવસ ગંદકીનો પ્રશ્ન હલ થશે નહીં.

જાહેર જગ્યા પર બેફામ, કચરા, ગંદકી મળ-મૂત્રના કારણે અનેક પ્રકારના રોગોનો ઉદ્‌ભવ થાય છે. આરોગ્ય વિભાગ અને કોર્પોરેશન દ્વારા કચરો એકઠો કરવા માટે ઘેર ઘેર કચરા માટેની ગાડીઓ આવે છે. જાહેર જગ્યાઓમાં ડસ્ટબીન મૂકેલા હોય છે. છતાંયે વિવેકના અભાવે આપણે આ કાર્યશૈલી અપનાવવામાં ઉણાં ઉતર્યા છીએ. ભારતીય સમાજમાં ઘર કરી ગયેલું ગંદકીનું દૂષણ નાબુદ ન થાય ત્યાં સુધી આપણે સ્વચ્છતાનાં આંદોલન ચલાવવા પડશે. પ્રખર, વિચારક, લેખક શ્રી ગુણવંત શાહે લખ્યું છે કે દિકરીનું સાસરૂ નક્કી કરવા જાવ ત્યારે તેની સાસરીનું સંડાસ સ્વચ્છ હશે તો તેના ઉપરથી ખ્યાલ આવી જશે કે તેના ઘરની સ્વચ્છતા કેવી હશે ?

પરમ પૂજ્ય મોરારી બાપુ એકવાર કેનેડા ગયા ત્યાં તેમને એક માણસ મળ્યો અને તેણે કહ્યું, 'બાપુ, મેં એવું સાંભળ્યું છે કે તમારા દેશમાં લોકો સવારે જાગીને ધરતીને પગે લાગે છે. આ વાત સાચી છે ?' બાપુએ કહ્યું, "બીલકુલ સાચી" પછી એ ભાઇએ કહ્યું, 'હું ભારતમાં ત્રણ વર્ષ રહ્યો છું. મને એ સમજાતું નથી કે જે માણસો સવારમાં ઉઠીને ધરતીને પગે લાગે એ પછી એ જ ધરતીમાતા પર જ્યાં ને ત્યાં થુંકતા કેમ હશે ?' આપણને આ બાબત નાની જણાય પણ એ એક ચોક્કસ કુસંસ્કારની માનસિકતા સામેનો વેધક પ્રશ્ન હતો.

આના માટે જવાબદાર કોણ ? હુ અને તમે 'હુ' એટલે એવી તમામ વ્યક્તિઓ કે જે ફક્ત ગંદકી દૂર કરવાના લેખો તથા પ્રવચનો આપે છે. પણ આ માટે કોઇ નક્કર પગલા ભરવા તૈયાર નથી. ગાંધીજી આપણાં રાષ્ટ્રપિતા એટલે જ હતા, કારણકે તેઓ પોતે એવી સલાહ ક્યારેય નહોતા આપતા કે જેને તે પોતે ન અનુસરતા હોય. આમ આપણે રાષ્ટ્રમાં જેવું પરિવર્તન કરવા ઇચ્છતા હોઇએ તેવું પહેલા આપણે બની જવું જોઇએ.

'તમે' એટલે એવી તમામ વ્યક્તિઓ કે જે બીજાની વાત સારી રીતે જાણવા અને સમજવા છતાં આંખ આડા કાન કરી "આપણે શું" ની ભાવના ધરાવે છે. આજના આધુનિક સમયમાં આવી સંકુચિત વિચારધારાઓને દૂર કરી ખરા અર્થમાં ગ્લોબલ બનવાની જરૂર છે.

હુ અને તમે ઉપરાંત ત્રીજો એવો વર્ગ છે જે 'ન માનવામાં માને છે' દૃષ્ટાંત સ્વરૂપે કોઇ જાહેર સ્થળે એવું સુચન લખેલું હોય "અહીં કોઇએ કચરો ફેંકવો નહીં" કે "અહીં કોઇએ ગંદકી કરવી નહીં" તો આવી વ્યક્તિઓ ત્યાં જ ગંદકી ફેલાવશે. આ નબળી માનસિકતામાં ક્યાંક નકારાત્મક ઉછેરનો પણ દોષ છે. સ્વચ્છતાનાં પાઠ કુટુંબ અને શાળા નહી ભણાવે તો આવા નાગરિકો જ પેદા થવાના.

ભારતીય નાગરિક બંધારણની કલમ નંબર ૧૪ થી ૩૫નો સંદર્ભ ટાંકીને મૂળભૂત હકોની માંગણી કરે છે. પરંતુ જ્યારે ૫૧ (ક) એટલે કે મૂળભૂત ફરજોની વાત આવે ત્યારે તેનું મોઢું કેમ સિવાઇ જાય છે ? "સૌનું એ કોઇનું નહીં" ને જીવનમંત્ર તરીકે ધારણ કરતાં નાગરિકને નાગરિક કહેવાય ખરો ?

તંત્રનું મેનેજમેન્ટ પોતાની આંતરીક સમસ્યાઓનાં કારણે મિસ મેનેજમેન્ટ બની જતાં સુચારૂ તંત્ર બિચારૂ બની જાય છે. પરિણામે પાનની પિચકારીઓનાં બહુરંગી, બહુઆયામી રીતે સુશોભિત થયેલા નાટિસ બોર્ડ અને ભીંતોના ખૂણા ઠેર ઠેર જોવા મળે છે. આમ સરકારને સહકાર ન મળતા સ્વચ્છતાનો મુદ્દો તકરારમાં પરિણમે છે. આ બધા કારણોથી નિર્મળ ગુજરાત અભિલાષી ગામ આભાસી બની જાય છે, મંદિર તેના નાળિયેરના છાલાથી, સિનેમા થિયેટર પાણીના પાઉચથી, બગીચા અને જાહેર સ્થળો પ્લાસ્ટીકથી લઇને કાગળ સુધી હાઉસફૂલ થઇ જાય છે.

પર્યાવરણીય જગતને સતત વિકસતું અને ધબકતું રાખવા માટે તેની કેળવણી સૌ પ્રથમ જરૂરી છે. માતા પોતાના બાળકને ગંદુ થવા દેતી નથી કારણકે માતાને બાળક પ્રત્યે પ્રેમ છે. તેમ આપણે પણ પ્રકૃતિને પોતાની માનીશું તો આજે જે આ બધી માથાકૂટ છે એ દૂર થશે.

**આ માટે આપણે સૌએ નાગરિક ધર્મનું પાલન કરી નીચેની પ્રતિજ્ઞાઓ લેવી અને લેવડાવવી જોઇએ.**

(૧) હુ સ્વયંમ નિયમોનું પાલન કરીશ.
(૨) ગંદકીનો વિરોધ કરીશ. ગંદકી થતા અટકાવીશ.
(૩) પાણીનો યોગ્ય જગ્યાએ નિકાલ કરીશ.
(૪) મ્યુનિસિપાલીટી કે નગર પાલિકાને આ બાબતે જાગૃત કરીશ/ ધ્યાન દોરીશ.
(૫) કચરો કચરા પેટીમાં જ નાખીશ.
(૬) એઠવાડ કચરાનાં ડબ્બામાં જ નાખીશ. રોડ કે જાહેર માર્ગોને કોઇપણ રીતે ગંદા કરીશ નહીં.
(૭) સંડાસ-બાથરૂમ જાહેર સ્થાનોની સ્વચ્છતા જળવાય તે માટે પ્રયત્નશીલ રહીશ.
(૮) મારૂ ઘર – સોસાયટી – શહેર – રાજ્ય – દેશ સ્વચ્છ રહે તે માટે દર્શાવેલા ક્રમમાં આજથી જ પ્રયત્ન શરૂ કરીશ.
(૯) ગ્રામ-સફાઇ અને વૃક્ષા રોપણ કાર્યક્રમોમાં એક જવાબદાર નાગરિક તરીકે ભાગ લઇશ.
(૧૦) 'નિર્મળ ગુજરાત અને નિર્મળ ભારત' ના સૂત્રોને સાર્થક કરીશ.

આટલું કરી શકીશું તો ફરી મા-ભોમ જીવવા જેવી અને માણવા જેવી બનશે. તો ચાલો આપણે સૌ ગરવા ગુજરાતીઓ આજથીજ ગુજરાતને ચોખ્ખુ ચણાક બનાવવાનો સંકલ્પ કરીએ.



**ધર્મેન્દ્ર કનાલા**
**ટ્રસ્ટી, રાજુલા**

# આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ



સાક્ષરતા એટલે, ભણવા અને ગણવાની ક્ષમતાથી સંપન્ન થવું. ભારત એ શિક્ષાનો અધિકાર જાહેર કર્યો.

લોકતંત્રમાં પ્રજા સાશક હોય છે. જો રાજા ભણેલો ન હોય અને ગઁવાર હોય તો આપણાં દેશનું શાસન કેવી રીતે ચાલે ?ભારતને તો 'ગામડાઓનો દેશ' કહેવામાં આવે છે. આપણાં દેશમાં વધારેમાં વધારે લોકો ગામડાઓમાં વસે છે. એમાં મજૂરો અને ખેડૂતોની સંખ્યા ખૂબજ વધારે છે. નિરક્ષર લોકોની સૌથી વધારે સંખ્યા ગામડાનાં લોકોની જ હોય છે. જો દેશમાં બધા લોકો ભણેલા હોય તો તે વેપારીઓ, નેતાઓ અને અધિકારીઓનાં ચુંગલમાં ફસાવવાથી બચી શકે. તે સરકારનાં સારા-ખરાબ કામો અને વિરોધોને જાણી શકે. ચુનાવનાં સમયે તે વિવેકથી કામ લઇને મતદાન કરી શકે. શિક્ષિત ખેડૂત સારી ખેતીની સાથે પોતાના ગામડાનાં વિકાસમાં મહત્વનું યોગદાન આપી શકે. શિક્ષિત મહિલા પોતાનાં પરિવારની સાથે સાથે સમાજની પણ ભલામણ કરી શકે. ગુજરાતમાં સાક્ષરતાનું દર ૭૨.૫% છે.

हम युवक्रो का नारा है,
निरक्षरोको साक्षर बनाना है ।

૨૦૦૧ - સ્ત્રીનું ૫૩.૬૭% પુરૂષનું ૭૫.૨૬%
૨૦૧૧ - સ્ત્રીનું ૬૫.૪૬% પુરૂષનું ૮૨.૧૪%

ગામ ગામમાં બધા સાક્ષરતાનાં અભિયાનો ચાલે છે. જો દેશમાં બધા લોકો ભણેલા હોય તો આપણે આપણાં દેશમાંથી નિરક્ષરતાનુ નામો નિશાન નહિ રહે. સાક્ષરતાનાં આંદોલનની આજનાં યુગમાં ખૂબજ માંગ છે. આપણાં દેશમાં ખેડૂતો અને મજૂરો સદીઓથી અજ્ઞાન અને અંધ વિશ્વાસમાં ડૂબેલા હોય છે. એને આપણાં દેશનાં ગૌરવનું જ્ઞાન નથી. અજ્ઞાનીનાં કારણે આજે પણ લોકો તરહ તરહનાં અંધ વિશ્વાસમાં ફસાઇ જાય છે.

હાલમાં શિક્ષણક્ષેત્રે વધતા સાક્ષરતાનું પ્રમાણ વધ્યું તેથી આપણે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ ૮, સપ્ટેમ્બરનાં રોજ મનાવીએ છીએ.

पढेगा लिखेगा भारत,
तो आगे बढेगा भारत ।



**કટ્ટા ધ્રુવી કે.**
વિદ્યાર્થી, રાજકોટ

# વિશ્વ પર્યટન દિવસ



વિશ્વમાં પર્યટનને સમર્થન દેવા માટે, વિશ્વ પર્યટન દિવસ સમારોહ સંયુક્ત રાષ્ટ્રો વિશ્વ પર્યટન સંગઠન દ્વારા ૧૯૮૦માં શરૂ કરવામાં આવ્યું. દર વર્ષે ૨૭, સપ્ટેમ્બરનાં રોજ આ વિશેષ દિવસ મનાવવામાં આવે છે. આજે દરેક દેશ અને દરેક રાજ્યની આવકનો મુખ્ય સ્રોત પર્યટન છે. પર્યટન પ્રાચીન કાળથી માનવજાતની એક આદત રહી છે.

વિશ્વ પર્યટન દિવસ આંતરરાષ્ટ્રીય સમુદાયની વચ્ચે મહત્વ અને તેના સામાજીક, સાંસ્કૃતિક, રાજકીય તથા આર્થિક મૂલ્યોનાં અનુસંધાને જાગૃત કરવા મનાવવામાં આવે છે. વિશ્વ પર્યટન દિવસ માટે ૨૭, સપ્ટેમ્બરને એ માટે પસંદ કરવામાં આવ્યો છે. કારણકે, આજ દિવસે ૧૯૭૦માં વિશ્વ પર્યટન સંગઠનનો સ્વીકાર થયો હતો. (Wird Tourism org.- WTO) સંયુક્ત રાષ્ટ્રો મહાસભા દર વર્ષે વિશ્વ પર્યટનની વિષય વસ્તુ પસંદ કરે છે.

આમ તો દરેકને ફરવું પસંદ હોય છે. અને નવી નવી જગ્યાઓ જોવી પસંદ હોય છે. પરંતુ આજ કાલની ભાગદોડવાળી જીંદગીમાં માણસને એટલો સમય જ નથી મળતો કે એ ફરવા જઇ શકે. આને ધ્યાનમાં રાખીને વિશ્વ પર્યટન દિવસ શરૂ થયો હતો.



**પીઠળીયા પ્રિયા એન.**
વિદ્યાર્થી, રાજકોટ

ધન કરતાં જ્ઞાન એટલા માટે ઉત્તમ છે કે ધનની રક્ષા તમારે જ કરવી પડે છે. જ્યારે જ્ઞાન તો પોતે જ તમારી રક્ષા કરે છે. — **સ્વામી રામતીર્થ**

# બ્લૂ વ્હેલ ચેલેન્જનું ભૂત ભારતમાં પણ...

'બ્લૂ વ્હેલ ચેલેન્જ' નામની ખોફનાક ઓનલાઇન ગેમ ભારતમાં પણ પગ પેસરો કરી ચૂકી છે. મુંબઇનો ધોરણ-૯માં અભ્યાસ કરતો ૧૪ વર્ષનો બાળક મનપ્રીત બ્લૂ વ્હેલ ગેમના કારણે મોતને ભેટ્યો છે. મનપ્રીતે ગેમમાં આપેલી ચેલેન્જ પૂરી કરવા માટે સાતમા માળેથી કૂદકો લગાવી દીધો અને આત્મ હત્યા કરી લીધી. ભારતમાં આ ગેમના કારણે આત્મ હત્યા કરનાર મનપ્રીતનો કિસ્સો પહેલો છે. અને અન્ય નવા કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યાં છે.

વિશ્વભરમાં ૨૦૦થી વધુ યુવાનોને બ્લૂ વ્હેલ ગેમે મોતની ચાદર ઓઢાડી દીધી છે. આ પ્રકારની ઉશ્કેરણીજનક ટાસ્ક આપતી ઓનલાઇન ગેમ્સથી સાવચેત થવાનો સમય આવી ચૂક્યો છે!!! એક વાલી, શિક્ષક અને જવાબદાર નાગરિક તરીકે બાળકોને સાચી અને યોગ્ય દિશા તરફ લઇ જવાનો સમય પાકી ચૂક્યો છે.. પ્રસ્તુત આર્ટીકલ રજૂ કરવાનો મારો હેતુ પણ આજ છે કે, આવનારી નવી પેઢી અને તેમના કુમળા માનસ પર આ પ્રકારની ઓનલાઇન



ગેમ્સ હાવી ન બની જાય તેમજ બાળકો અને યુવાનો આ પ્રકારની મોતના ઘાટ ઉતારતી ગેમ્સના શરણે ન થાય અને આંધળુંકીયું ન કરી બેસે.

વિશ્વભરનાં ટીનેજર્સ માટે ખતરારૂપ બનેલી ઉત્તેજીત અને થ્રીલની લાગણી જન્માવતી આ પ્રકારની જીવલેણ ગેમ્સ માટે મારા મત મુજબ શાળા-કોલેજ અને ત્યાં સુધી કે પરિવારમાં પણ આ મુદ્દે સકારાત્મક ચર્ચા થવી જરૂરી છે. અહીં, અંતિમ ટાસ્કમાં મોતને ઘાટ ઉતારવામાં આવે છે, જેમાં ખરેખર તો ''અંતિમ ટાસ્ક બાળકોનો નહીં, પરંતુ આપણો છે!!!'' જવાબદાર નાગરિક તરીકે આપણે નવી પેઢીને ખોટી દિશામાં જતાં રોકવા માટે માર્ગદર્શક કે કાઉન્સેલીંગની ભૂમિકામાં આવવું જરૂરી બન્યું છે.

સમાજ માટે ખતરારૂપ આ પ્રકારની ઓનલાઇન ગેમ્સ કે જે કુમળા માનસને છેતરીને તેમને આત્મ હત્યા કરવા માટે પ્રેરે છે. તેના વિરોધમાં અવેરનેસ લાવવી એ એક જાગૃત નાગરિક તરીકે આપણી ફરજ છે. બાળકોનું આ પ્રકારની ગેમ્સ તરફનું વળગણ કેમ વધતું જાય છે. તેમજ આ પ્રકારની ઓનલાઇન શારિરીક ક્ષતિ પહોંચાડતી ગેમ્સથી ક્યા પ્રકારે બચી શકાય તેના ઉપાયો વિશે ચર્ચા કરીશું...



**તેજસ ઠક્કર**
**IT EXPERT**
www.tejasthakkar.com

## બ્લૂ વ્હેલ ચેલેન્જ ગેમ વિષે

- બ્લૂ વ્હેલ ચેલેન્જ નામની રશિયન ગેમને વર્ષ ૨૦૧૩માં રૂસના ફિલિપ બુડકિન નામના વ્યક્તિએ તૈયાર કરી હતી.
- તેમાં ગેમનો એડમિન ગેમ રમનારને ૫૦ દિવસ સુધી વિવિધ પ્રકારના ટાસ્ક આપે છે અને છેલ્લા દિવસે આત્મ હત્યા કરવા જણાવવામાં આવે છે. અને તે પહેલાં સેલ્ફી લઇને તેને અપલોડ કરવાનું જણાવવામાં આવે છે.
- આ ગેમ વડે યુવાન સ્યુસાઇડ એટલે કે મોતને ભેટે તે પ્રકારનો સૌ પ્રથમ કિસ્સો વર્ષ ૨૦૧૫માં નોંધાયો હતો.
- વર્ષ ૨૦૧૬માં આ ગેમ હેઠળ ૧૫ બાળકો મોતને ભેટ્યા ત્યારે સાઇકોલોજીના વિદ્યાર્થી અને આ ગેમને બનાવનાર ફિલિપ બુડકિનની ધરપકડ કરવામાં આવી. બુડકિને જણાવ્યું કે, તેનો ધ્યેય સમાજમાંથી સફાઇ કરવાનો છે. જે પોતાના જીવનનું મૂલ્ય નથી સમજતાં તે સમાજ માટે કચરા સમાન છે અને તેમની સફાઇ કરવી જરૂરી છે.
- તે ટાસ્ક કે લેવલ આધારિત ગેમ છે, જેમાં ૫૦ દિવસ સુધી વિવિધ પ્રકારનાં ટાસ્ક આપવામાં આવે છે.
- તેમાં યુવાનોનું બ્રેઇન વોશ કે હિપ્નોટાઇઝ કરીને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.
- તેમાં શરૂઆતમાં સરળ અને ધીમે ધીમે અઘરા ટાસ્ક કે લેવલને પાર કરવાનું જણાવવામાં આવે છે.
- ટીનેજર્સ ગેમમાં આપવામાં આવતાં ટાસ્ક પૂરો કરે એટલે તે ઉત્સાહમાં આવે છે અને અન્ય નવા ટાસ્ક કે લેવલને પૂરા કરવા માટે પ્રેરાય છે.
- તેમાં વિવિધ પ્રકારનાં ટાસ્ક પૂરા કરતાંની સાથે જ હાથ પર બ્લેડ વડે કોતરવાનું જણાવવામાં આવે છે. અને તેના આધારે હાથ પર બ્લૂ વ્હેલ પ્રકારની આકૃતિ તૈયાર થાય છે.
- વિવિધ ટાસ્ક પૂરા કરતાંની સાથે જ ગેમના એડમિન તરફથી મળતી શુભેચ્છા અને બ્રેઇન વોશ કરવાનાં કારણે ટીનેજર્સને તેનામાં વિશ્વાસ બેસે છે. અને તેમને એવું લાગવા લાગે છે કે, ગેમનો એડમિન જ મને સમજે છે અને સાંભળે છે.
- બ્લૂ વ્હેલ ગેમ્સના કારણે રશિયામાં ૧૩૦ અને અન્ય દેશોમાં મળીને કુલ ૨૦૦ યુવાનો મોતને ભેટ્યા છે.
- આ ગેમને સોશિયલ મિડિયાનો ઉપયોગ કરીને યુવાનો સુધી પહોંચાડવામાં આવે છે. તેને શરૂઆતમાં રૂસની પ્રચલિત સોશિયલ મિડિયા આધારિત સાઇટ પર મુકવામાં આવી હતી, જે સમગ્ર વિશ્વમાં પ્રચલિત બની અને ધીમે ધીમે તેનું વરવું વાસ્તવિક સ્વરૂપ દુનિયા સમક્ષ આવ્યું.
- હાલમાં આ ગેમને પ્લે સ્ટોર પરથી દૂર કરવામાં આવી છે, પરંતુ વિશ્વભરમાં તેનું APK ક્રેક વર્ઝન ઉપલબ્ધ થઇ ચૂક્યું છે.

**ઓનલાઇન ગેમ્સ વળગણનાં કારણો**

- વિભક્ત કુટુંબ થવાનાં કારણે.
- બાળકોમાં રહેલી છુપી પ્રતિભાને પ્રોત્સાહન ન મળવાથી.
- બાળકોનું એકલવાયાપણું.
- આઉટડોર ગેમ્સના સ્થાને ઘરે મોબાઇલ/કોમ્પ્યુટર ગેમ્સનું ચલણ વધવાથી.
- પરિવારનાં સભ્યો સાથે સંવાદ ઘટવાથી.
- સ્માર્ટ ફોનની સરળ ઉપલબ્ધતાના કારણે.
- વર્ચ્યુલ વધતું લાઇફનું પ્રમાણ.
- ઉત્તેજનાસભર ટાસ્ક તેમજ તે પૂર્ણ કર્યાનો રોમાંચ.

**ઓનલાઇન ગેમ્સની આડઅસરોથી બચવાના ઉપાયો**

- શક્ય તેટલો વધુ સમય બાળકોને આપો, તેમને સમજો, તેમની વાતને સમજો
- બાળકોને શક્ય હોય ત્યાં સુધી મોબાઇલથી દૂર રાખો.
- બાળકો મોબાઇલનો મર્યાદિત પ્રમાણમાં ઉપયોગ કરે તેનું ધ્યાન રાખો.
- કોઇપણ પ્રકારનાં હિંસક કે ફિઝિકલ ટાસ્ક આપતી ગેમ્સથી દૂર રહો.
- ગેમ્સને ઇન્સ્ટોલ કરતાં પહેલાં તેના રિવ્યૂ જુઓ, વાંચો અને સમજો.
- કોઇપણ ગેમને તેના અધિકૃત સ્થાન એટલે કે પ્લેસ્ટોર કે એપસ્ટોર પરથી જ ઇન્સ્ટોલ કરવી જોઇએ, આ પ્રકારની ગેમ્સને અન્ય માધ્યમો વડે ઇન્સ્ટોલ કરવી હિતાવહ નથી.
- ગેમ્સની શરતો સ્વીકારતાં પહેલાં વાંચો અને સમજો.
- વાલી તરીકે બાળકોની વર્તણુંકમાં ફેરફાર થાય તો તેની નોંધ લો અને તેનામાં થતાં ફેરફારને પારખો.
- અજાણી વ્યક્તિ કે ગૃપમાં ન જોડાવું.
- અજાણી વ્યક્તિ તરફથી આપવામાં આવતાં કોઇપણ પ્રલોભનમાં ન ફસાવું.
- અજાણી વ્યક્તિ તરફથી આપવામાં આવતાં સંદેશાનો કોઇપણ પ્રકારનો જવાબ ન આપવો.
- અનિચ્છનિય મેસેજ કરતાં યુઝરને તાત્કાલિક અસરથી બ્લોક કરો.
- વાલી તરીકે બાળક મોબાઇલમાં કઇ પ્રવૃત્તિ કરી રહ્યાં છે તેનું ધ્યાન રાખવું જોઇએ.
- બાળક કોઇપણ પ્રકારની અનિચ્છનિય ઘટનાની તુરંત જ માતા-પિતાને જાણ કરે તે પ્રકારનું વાતાવરણ તૈયાર કરો.
- બાળકો શક્ય ત્યાં સુધી સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરે તે ઇચ્છનીય છે.

ટીનેજર્સને મોતને ઘાટ ઉતારતી આ પ્રકારની ગેમ્સ સમાજ માટે ચેતવણીરૂપ છે. વાલી, શિક્ષક અને જાગૃત નાગરિક તરીકે આપણે સૌએ આગળ આવવાનો સમય આવી ચૂક્યો છે, કારણકે આ ગેમનો છેલ્લો ટાસ્ક બાળક નહીં પરંતુ આપણે છીએ. શક્ય છે કે આપણે અત્યારે સાવચેત નહિ થઇએ તો તેનો આગલો શિકાર તમારા કે મારા ઘરમાં પણ હોઇ શકે!!!

આ જ પ્રકારની ટેક્નોલોજીને લગતી બાબતો સાથે ટેક્નોલોજીની દુનિયા હેઠળ The Open Page ના માધ્યમથી ફરી મળીશું, નવા વિચાર અને નવા ટેક્નોલોજીને લગતાં મુદ્દા સાથે...

અને હા..આપના અમૂલ્ય સૂચનો The Open Page ના માધ્યમ થકી મોકલતાં રહેશો.







પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાંય અધિક છે. રત્ન બહારની ચમક બતાવે છે. જ્યારે પુસ્તક અંત:કરણને ઉજ્જવળ કરે છે. — **ગાંધીજી**


# જ્ઞાન સાથે ગમ્મત



## એક લાઈનમાં સરખા દેખાતા બે ફૂલો પર ગોળ કરો.




## ગણતરી કરી સાચી સંખ્યા સાથે જોડો.




## આપેલા ચિત્રોને ક્રમશ થતી પ્રક્રિયાને નંબર આપી દર્શાવો




## નીચે આપેલા નંબર અને ABCDને જોડો અને કયું ચિત્ર બને છે તે જૂઓ



## રંગ પૂરણી

ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૯-૨૦૧૭ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.
ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

નામ: ____________________

સ્કૂલનું નામ: ____________________

ધોરણ: ____________ મો.નં.: ____________


ફોટો



## ડાબી બાજુએ આપેલી પ્રક્રિયામાં જમણી બાજુ આપેલા ચિત્રમાંથી કયું ચિત્ર યોગ્ય છે તેના પર ટીક કરો



## ચાલો ઝાડ દોરતા શીખીએ.



## સરખા દેખાતા બે ચિત્રમાંથી દસ તફાવત શોધો





## નીચે આપેલી ખાવાની હેલ્થી વસ્તુઓના નામ શોધો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચી | પી | ચ | ર | બ્રે | પા | લુ | આ | ખ | ખા | સ |
| ખી | ઝ | ના | ક | ડ | રી | દું | ના | નો | ફ | જુ |
| ષ | ડી | ભા | ણ | સ | લ | મ | ડા | ર | ડો | શા |
| જી | દ | બ | વ | ળુ | દા | ર | જ | ક | લ | પા |
| રી | હીં | ધા | ડું | ડા | લુ | ન | ય | યુ | ચા | રા |
| લુ | યુ | રે | ગ | પુ | પા | મ | આ | ટા | મે | ટ |
| લીં | બુ | લો | રી | કો | ણા | દા | ગ | સીં | ટી | ખં |
| ચો | ઈ | ઉં | પા | બે | પ | પા | ખા | ઈ | રી | ડ |
| સ | ના | યા | રા | અં | ન | દ | સ્તા | લી | ની | ચે |
| ઉ | પે | બુ | જી | રા | મ | ક્રે | ટ | ચા | કો | લો |
| કે | ળું | ર | ણ | ધ | દૂ | મ | વ | ભે | ઝ | બ્રો |

૧. દૂધ
૨. ડુંગરી
૩. સફરજન
૪. લસણ
૫. કેળું
૬. આદું
૭. બ્રોકોલી
૮. સીંગદાણા
૯. ચેરી
૧૦. જરદાળુ
૧૧. ચીઝ
૧૨. ક્રેનબેરી
૧૩. બ્રેડ
૧૪. અંજીર
૧૫. ટામેટા
૧૬. પાલક
૧૭. લીંબુ
૧૮. દહીં

## આપેલા ચિત્રોને તેમના રોજિંદા વ્યવસાયમાં વપરાતી વસ્તુઓ સાથે જોડો.



## રસ્તો શોધવામાં મદદ કરો.



# વિવિધ સ્કૂલોમાં જન્માષ્ટમી પર્વની ખૂબજ આનંદ અને ઉલ્લાસથી ઉજવણી કરવામાં આવી




**મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા, સુરત**




**રામેશ્વર શિક્ષણ સંકુલ, અમદાવાદ**





**સરસ્વતી સ્કૂલ, જૂનાગઢ**

## પાઠક સ્કૂલ, રાજકોટ ખાતે ગ્રામીણવન મહોત્સવ ઉજવાયો



પાઠક સ્કૂલ, રાજકોટ ખાતે ગ્રામીણ કક્ષાનો વન મહોત્સવ ઉજવ્યો. જેમાં ફોરેસ્ટ ઓફિસર શ્રીમાન ખફીક, શાળાના ટ્રસ્ટી, આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ગ્રામ્ય વિસ્તારમાં ઘણા વૃક્ષો વાવી એક હરિયાળું અને નોબલ કાર્ય કર્યું.

# ત્રિપદા પરિવાર દ્વારા પૂર પીડિતોને મદદ




બનાસકાંઠામાં સર્જાયેલી કુદરતી આફતમાં ઘણા ગામડાઓ, શહેરો અને વિસ્તારો અસરગ્રસ્ત થયા છે. આ પરિસ્થિતિમાં લોકોને મદદરૂપ થવા માટે ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી ત્રિપદા શાળા તરફથી પૂરપીડિતોને સહાય મોકલવામાં આવી હતી. જેમાં ૫૦૦ પેકેટ ચવાણું, ૨૦૦ સેટ વાસણ, ૨૦૦ ધાબળા, ૫૦ સ્લિપિંગ બેગ અને ૫૦૦ માણસ ત્રણ દિવસ જમી શકે તેટલું સીધું સામાન તેમજ ૪ ફેરા આઈસરમાં કપડા પણ મોકલવામાં આવ્યાં હતાં.

# શ્રેષ્ઠ ગુરૂ ગૌરવ એવોર્ડ મેળવી બલદેવપરીએ હેટ્રીક સર્જી

પોરબંદર સાન્દીપનિ વિદ્યાનિકેતનમાં પૂ. રમેશભાઇ ઓઝાની હાજરીમાં દ્વિ દિવસીય ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો સૌરાષ્ટ્ર કચ્છ જિલ્લાના ચાલીસ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માનઃ સાન્દીપનિ ખાતે ગુરૂ ગૌરવ એવોર્ડ સમારોહઃ ગુરૂ વંદના સહિતના કાર્યક્રમનું સફળ આયોજન થયું.

એમ કહેવાય છે કે મહાન માણસો નો એક વખતનો દ્રષ્ટિપાત પણ કલ્યાણકારી હોય છે. જ્યારે અહી તો બલદેવપરી એ બાળકો અને શિક્ષકોને ઉપયોગી સાહિત્ય તૈયાર કરી બિલકુલ ફ્રિમાં પોતાની વેબસાઇટ www.baldevpari.com પર મુકેલ છે જે બાળકો અને શિક્ષકોને ખૂબ ઉપયોગી થયુ છે જેમની આ નિસ્વાર્થ પ્રવૃત્તિને ધ્યાને લઇ શ્રેષ્ઠ ગુરૂ ગૌરવ એવોર્ડથી પુનઃસન્માનીત થતાં બલદેવપરીએ હેટ્રીક સર્જી. ત્રિવેણી સંગમ સમો સંત સમાગમ પ્રાપ્ત થયો છે.



**૧. ૨૦૧૫ સાન્દીપનિ ગુરૂ ગૌરવ એવોર્ડ પોરબંદર**



**૨. ૨૦૧૭ ઓપન પેઇજ એવોર્ડ સુરત**



**૩. ૨૦૧૭ સાન્દીપનિ ગુરૂ ગૌરવ એવોર્ડ પોરબંદર**

આ સન્માનમાં શિક્ષક બલદેવપરીને ૨૫૦૦૦ની ધન રાશી અને ૩૨ જેટલા આધ્યાત્મિક સાહિત્ય પુસ્તકોનો સેટ, પ્રશસ્થિપત્ર, શિલ્ડ અને સાલ ઓઢાડી સન્માનીત કરવામાં આવ્યાં હતા જે ખરા અર્થમાં શિક્ષણનું પુનરૂસ્થાન પ્રસ્થાપિત કરવાનો પ્રમાણિક પ્રયત્ન પૂ. રમેશભાઇ ઓઝા દ્વારા કરવામાં આવ્યો.

RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Raghav Graphics, 5, Bhagyanidhi Soping Center Nr. Satyanarayan Temple, Ghatlodia Ahmedabad - 380 061.
All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386